
ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

# પાક્કો ગુજરાત

RNI NO. : GUJGUJ/2016/67425

04 DECEMBER, 2025 THURSDAY



પેજ 2  પેરા ગેમ્સમાં પોરબંદરની પ્રિયાબેન કોડીયાતરનો ગૌરવસભર સમાવેશ

પેજ 3  કદવાલ ગ્રુપ પ્રાથમિક શાળાના આચાર્યનું અનોખું ઉદાહરણ

પેજ 7  રક્તદાન શિબિરમાં ૧૧૫૮ યુનિટ રક્ત એકઠું થયું


પેજ 5 GARCનો છઠ્ઠો ઐતિહાસિક અહેવાલ મુખ્યમંત્રીએ સ્વીકાર્યો

I Pakkogujarat/ I VOL : 10 I Issue : 259 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com

18 નવેમ્બરે માર્યો ગયો હતો ખુંખાર નક્સલવાદી હિડમા

# છત્તીસગઢમાં 12 નક્સલીઓ ઠાર, 3 જવાન શહીદ

## PM મોદી-શાહની સ્ટ્રેટજીના ચોથા દિવસે મોટું એન્કાઉન્ટર, તમામ નક્સલીઓના મૃતદેહ અને હથિયારો જપ્ત



• બીજાપુર

છત્તીસગઢમાં દંતેવાડા-બીજાપુર બોર્ડર પર જવાનોએ 12 નક્સલવાદીઓને ઠાર કર્યા છે. તમામ મૃતદેહો મળી આવ્યા છે. માર્યા ગયેલા નક્સલવાદીઓની સંખ્યા વધી શકે છે. જ્યારે એન્કાઉન્ટરમાં DRGના 3 જવાન શહીદ થયા છે અને 2 ઘાયલ થયા છે. બસ્તર રેન્જના IG સુંદરરાજ પી.એ પુષ્ટિ કરી છે.બસ્તર રેન્જના IG સુંદરરાજ પી.એ જણાવ્યું કે એન્કાઉન્ટરમાં બીજાપુર DRGના જવાન હેડ કોન્સ્ટેબલ મોનુ વડારી, રમેશ સોડી અને કોન્સ્ટેબલ દુકારુ ગોંડે શહીદ થયા. ગંગાલૂર પોલીસ સ્ટેશન વિસ્તારના જંગલોમાં જવાનોની ટીમ સતત સર્ચ કરી રહી છે.SP જીતેન્દ્ર યાદવે જણાવ્યું કે DRG, STF, COBRA અને CRPFની સંયુક્ત ટીમ બુધવારે સવારે 9 વાગ્યાથી બીજાપુર-દંતેવાડા બોર્ડરના વેસ્ટ બસ્તર ડિવિઝન વિસ્તારમાં સર્ચ ઓપરેશન પર હતી. જંગલમાં સર્ચ ઓપરેશન દરમિયાન નક્સલવાદીઓએ અચાનક ફાયરિંગ શરૂ કર્યું. જવાબી કાર્યવાહીમાં નક્સલવાદીઓ માર્યા ગયા.છત્તીસગઢમાં 4 દિવસ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય મંત્રી અમિત શાહ અને NSA ડોભાલ સહિત અનેક હસ્તીઓ DGP કોન્ફરન્સમાં સામેલ થઈ હતી. મીટિંગમાં નક્સલવાદને ખતમ કરવાની રણનીતિ પર ચર્ચા કરવામાં આવી હતી. હવે તેના પરિણામો દેખાઈ રહ્યા છે. જોકે, શાહે નક્સલવાદને ખતમ કરવા માટે 31 માર્ચ 2026ની ડેડલાઇન પહેલેથી જ નક્કી કરી દીધી છે.SPએ જણાવ્યું કે જવાનોએ એન્કાઉન્ટર સ્થળેથી SLR રાઈફલ, 303 રાઈફલ અને ગોળા-બારૂદ પણ જપ્ત કર્યા છે. માર્યા ગયેલા નક્સલવાદીઓની ઓળખ કરવામાં આવી રહી છે.સ્થળ પર શોધખોળ ચાલુ છે. વિસ્તારને સીલ કરી દેવામાં આવ્યો છે.તેમણે જણાવ્યું કે બેકઅપ પાર્ટી પણ મોકલવામાં આવી છે. ઓપરેશન હજુ પણ ચાલુ છે, તેથી વિગતો શેર કરી શકાતી નથી.ઓપરેશન પૂર્ણ થયા પછી વિગતવાર અપડેટ જાહેર કરવામાં આવશે.દેશના સૌથી ખતરનાક નક્સલ કમાન્ડરોમાં સામેલ માડવી હિડમા છત્તીસગઢ-આંધ્ર પ્રદેશ બોર્ડર પર 18 નવેમ્બરે મરેડમિલ્લી જંગલમાં એન્કાઉન્ટરમાં માર્યો ગયો. જવાનોએ હિડમાની પત્ની રાજે ઉર્ફે રજક્કા અને અન્ય 4 નક્સલવાદીઓને પણ ઠાર કર્યા હતા.ગૃહમંત્રી અમિત શાહે સુરક્ષા દળોને હિડમાને ખતમ કરવા માટે 30 નવેમ્બર સુધીની ડેડલાઇન આપી હતી. આ પછી આંધ્ર પ્રદેશ, છત્તીસગઢ અને તેલંગાણાની સરહદ પર આવેલા મરેડમિલ્લીના ગાઢ જંગલોમાં સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું.આ જ ઓપરેશનમાં હિડમા ડેડલાઈનથી 12 દિવસ પહેલા જ માર્યો ગયો.હિડમા છેલ્લા 2 દાયકામાં થયેલા 26થી વધુ મોટા નક્સલી હુમલાઓનો માસ્ટરમાઈન્ડ રહ્યો છે.આમાં 2010નો દંતેવાડા હુમલો પણ સામેલ છે, જેમાં 76 CRPF જવાનો શહીદ થયા હતા. આ ઉપરાંત 2013માં ઝીરમ ઘાટી હુમલા, 2021ના સુકમા-બીજાપુર હુમલામાં પણ હિડમાની ભૂમિકા રહી છે.છત્તીસગઢના દંતેવાડામાં 2010માં 76 જવાનોની હત્યા થઈ હતી. આ નક્સલ ઈતિહાસનો સૌથી મોટો હુમલો હતો.તે હુમલાનો માસ્ટરમાઈન્ડ હિડમા જ હતો. તેમાં બસવારાજુ પણ સામેલ હતો, જે એન્કાઉન્ટરમાં પહેલાથી જ માર્યો ગયો છે. બસવારાજુ હુમલા માટે બનેલી રણનીતિની મીટિંગમાં સામેલ થયો હતો. હુમલાનું કાવતરું ઘડ્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર,હિડમાની પત્ની રાજે પણ નક્સલવાદીઓના સંગઠનમાં ઘણી મહત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવી હતી. તે 1994-95માં બાળ સંગઠનની સભ્ય રહી હતી, ત્યારબાદ 2002-03માં જગરગુંડા એરિયા કમિટી મેમ્બર (ACM) બની.કિસ્ટારામ ACM (2006-07), પલાચલમા LOS કમાન્ડર (2008). તેને 2009માં બટાલિયન મોબાઈલ પોલિટિકલ સ્કૂલની શિક્ષિકા બનાવવામાં આવી હતી. બાદમાં BNPC બટાલિયન પાર્ટી કમિટી મેમ્બર તરીકે સક્રિય રહી.છત્તીસગઢમાં છેલ્લા 2 મોટા નક્સલી એન્કાઉન્ટર16 નવેમ્બર: 3 નક્સલીઓ માર્યા ગયા હતાહકીકતમાં, જવાનોને 16 નવેમ્બર 2025ના રોજ ભેજ્જી-ચિંતાગુફાના સરહદી વિસ્તારમાં નક્સલવાદીઓની હાજરીની માહિતી મળી હતી. પાકી માહિતી મળતા DRGની ટીમે સર્ચ ઓપરેશન શરૂ કર્યું. આ દરમિયાન રવિવારે સવારે તુમાલપાડના જંગલમાં નક્સલવાદીઓએ ફાયરિંગ શરૂ કરી દીધું.ફાયરિંગ બાદ જવાનોએ પણ મોરચો સંભાળ્યો. નક્સલવાદીઓની ગોળીઓનો જવાબ આપ્યો. સવારથી બંને તરફથી અટકી-અટકીને ફાયરિંગ થયું.

US-યુરોપને જયશંકરની ચેતવણી

# તમને ભારતના ટેલેન્ટેડ લોકોની જરૂર, જો રોક્યા તો બરબાદી નિશ્ચિત છે

• નવી દિલ્હી

વિદેશ મંત્રી એસ. જયશંકરે બુધવારે ઈન્ડિયા વર્લ્ડ એન્યુઅલ કોન્ક્લેવમાં પશ્ચિમી દેશોમાં કડક શબ્દોમાં ચેતવણી આપતા કહ્યું કે જો તેઓ બહાર આવતા ટેલેન્ટ સામે દીવાલ ઊભી કરશે તો છેવટે નુકસાન તો તેમનું જ થવાનું.

જયશંકરે કહ્યું કે પોતાની નીતિઓનું ઠીકરું બીજા પર ન ફોડશો. પશ્ચિમના દેશોમાં જે આર્થિક સમસ્યા છે તે પ્રવાસીઓના કારણે નથી. જો અમેરિકા અને યુરોપમાં નોકરીની સમસ્યા હોય તો તેની પાછળનું કારણ તેમની જ નીતિઓ છે. તેમણે જ જાણી જોઈને તેમના બિઝનેસ બહારના દેશોમાં જવા દીધા. જો તમે ટેલેન્ટના પ્રવાહ સામે દીવાલ ઊભી કરશો અંતે નુકસાન તમારું જ થશે. અમને તમારી દયાની જરૂર નથી, તમને ભારતના



સ્કિલ્ડ વર્કફોર્સની જરૂર છે.

તેમણે વધુમાં કહ્યું કે વૈશ્વિકીકરણ પર ચર્ચા મોટા ભાગે વેપારના સંદર્ભમાં થતી હોય છે પણ તેમાં વર્કફોર્સનું પણ એટલું જ મહત્ત્વ છે.

વિદેશમંત્રીએ કહ્યું કે, ભારતના વર્કર્સ દુનિયાના વિવિધ દેશોમાં પહોંચી રહ્યા છે. જો કોઈ સંઘર્ષગ્રસ્ત દેશોમાં ફસાઈ જાય તો તાત્કાલિક તેમની મદદ માટે કામ કરાય છે. જ્યારે ક્યાંક સંઘર્ષ થાય તો અમે તટસ્થ ન રહી શકીએ. છેલ્લા ત્રણ વર્ષમાં અમે અલગ અલગ વિસ્તારોથી 28 હજાર ભારતીયોને બચાવીને પાછા લાવ્યા છીએ. એક અંદાજ અનુસાર આશરે 20 લાખ ભારતીયો હાલ ગ્લોબલ કેપેબિલીટી સેન્ટર્સમાં કામ કરી રહ્યા છે.

# રાહુલ બોલ્યા- જાતિ ગણતરી દેશના બહુજનો સાથે ખુલ્લો વિશ્વાસઘાત



• નવી દિલ્હી

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ મંગળવારે X પોસ્ટમાં કેન્દ્ર સરકારની જાતિ ગણતરીની યોજના પર સવાલો ઉઠાવ્યા.

સંસદમાં મેં સરકારને જાતિ ગણતરી પર સવાલ પૂછ્યો, તેમનો જવાબ ચોંકાવનારો છે. ન કોઈ નક્કર રૂપરેખા, ન કોઈ સમયબદ્ધ યોજના, ન સંસદમાં ચર્ચા, અને ન જનતા સાથે સંવાદ. અન્ય રાજ્યોની સફળ જાતિ ગણતરીઓની રણનીતિમાંથી શીખવાની કોઈ ઈચ્છા પણ નથી. મોદી સરકારની આ જાતિ ગણતરી દેશના બહુજનો સાથે ખુલ્લો વિશ્વાસઘાત છે.

રાહુલે આ સાથે જ સંસદમાં પૂછેલા સવાલની સોફ્ટ કોપી શેર કરી છે. આમાં રાહુલ ગાંધીના સવાલ અને તેના પર કેન્દ્ર સરકારે આપેલો જવાબ લખેલો છે.

એડેન માર્કરમની સદી : ઋતુરાજ ગાયકવાડે વનડે કરિયરની પ્રથમ સદી ફટકારી

# વિરાટ-ગાયકવાડની સદી એળે ગઈ, રોમાંચક મેચમાં સાઉથ આફ્રિકાની 4 વિકેટથી વિજય

• રાયપુર

આજે રાયપુરમાં સાઉથ આફ્રિકા સામેની વનડે સીરિઝની બીજી મેચ રમાઈ હતી. જેમાં ભારતના સ્ટાર ક્રિકેટર વિરાટ કોહલી અને ઋતુરાજ ગાયકવાડે ધુંઆધાર બેટિંગ કરી અને સાઉથ આફ્રિકન બોલર્સને ઘૂંટણીયે લાવી દીધા હતા. જોકે તે બાદ સાઉથ આફ્રિકાના બેટર્સ વિશાળ લક્ષ્યાંક હાંસલ કરવામાં સફળ રહેતા ભારતીય ટીમનો પરાજય થયો હતો, સાઉથ આફ્રિકા આ મેચ 4 વિકેટથી જીત્યું.

દક્ષિણ આફ્રિકા તરફથી બેટિંગની શરૂઆત એડેન માર્કરમ અને ક્વિન્ટન ડિકોકે કરી હતી. જોકે ડિકોક 8 રન બનાવીને આઉટ થયો. જોકે બાદમાં ટેમ્બા બાવુમા અને માર્કરમે બાજી સંભાળી. માર્કરમે 98 બોલમાં 110 રન ફટકાર્યા જેમાં 10 ચોગ્ગા અને 4 છગ્ગા



સામેલ છે. જ્યારે બાવુમા 46 રન ફટકારીને આઉટ થયો. જે બાદ બ્રેવિસે પણ 54 રન ફટકારી મોટું યોગદાન આપ્યું.

વિરાટ કોહલી સાઉથ આફ્રિકા વનડે સીરિઝની સતત બીજી મેચમાં સદી ફટકારી હતી. કોહલીએ આજે 90 બોલમાં 100 રન પૂરા કર્યા. વિરાટ કોહલીએ સતત બીજી સદી ફટકારતાં સુનિલ ગાવસ્કરે વખાણ કરતાં કહ્યું હતું કે તમારી પાસે વિરાટ કોહલી હોય તો સુપરમેનની શું જરૂર? કોહલી મેચમાં કુલ 93 બોલમાં 102 રન ફટકાર્યા. જેમાં 7 ચોગ્ગા અને બે છગ્ગા સામેલ છે. આ કોહલીની 53મી વનડે સદી હતી.

ઋતુરાજ ગાયકવાડે આજે વનડે કરિયરની પ્રથમ સદી ફટકારી. ઋતુરાજે 77 બોલમાં 100 રન પૂરા કર્યા. પહેલા 52 બોલમાં તેણે 50 રન પૂરા કર્યા હતા અને પછીના 27 બોલમાં તાબડતોબ બેટિંગ કરી અને બીજા 50 રન પૂરા કર્યા. જેમાં 14 ચોગ્ગા અને બે છગ્ગા સામેલ છે. જોકે બાદમાં 105 રન પૂર્ણ થતાં ઋતુરાજ ગાયકવાડ આઉટ થઈ ગયો હતો. સ્ટેડિયમમાં સૌ દર્શકોએ ઊભા થઈને ગાયકવાડનું સન્માન કર્યું હતું.

# ભારતની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગોમાં ક્રૂ મેમ્બરની અછત

## 200 ફ્લાઇટ્સ રદ; કંપનીએ માફી માંગી

• નવી દિલ્હી

દેશની સૌથી મોટી એરલાઈન્સ ઈન્ડિગોએ ક્રૂની અછત, ટેકનિકલ ખામી સહિત અનેક કારણોસર 200થી વધુ ફલાઈટો રદ કરી દીધી છે. રિપોર્ટ મુજબ, બેંગલુરુ-મુંબઈ સહિત ઘણાં એરપોર્ટ પર ઈન્ડિગોની ફ્લાઈટો રદ થવા ઉપરાંત મોડી પડી છે. કંપનીએ કહ્યું છે કે, સંચાલક સ્ટાફની અછત હોવાના કારણે આ સમસ્યા સર્જાઈ છે.

ઈન્ડિગો એરલાઈન્સના પ્રવક્તાએ કહ્યું કે, 'ઘણા દિવસોથી ટેકનિકલ ખામીની સમસ્યા, એરપોર્ટ પર ભીડભાડ, સંચાલન સંબંધિત જરૂરિયાતોના કારણે અનેક ફ્લાઈટોમાં વિલંબ થયો છે, જ્યારે કેટલીક ફલાઈટો રદ કરવી પડી છે. પીટીઆઈએ એક સૂત્રને ટાંકીને કહ્યું છે કે, 'FDTL માપદંડોના બીજા તબક્કાનો અમલ કરવામાં આવ્યા બાદ ઈન્ડિગો ક્રૂ મેમ્બરની તીવ્ર અછતનો સામનો કરી રહી છે. આ કારણે ફ્લાઈટો રદ અને વિલંબ થઈ રહ્યો છે. સૂત્રોના જણાવ્યા મુજબ, 'એરલાઈન્સ મંગળવાથી જ ખરાબ સ્થિતિનો સામનો કરી રહી છે અને હજુ પણ આ સ્થિતિ વધુ ખરાબ થઈ છે.'

એરલાઈન્સે મુસાફરોને પડેલી અસુવિધા બદલ માફી માંગી છે. એરલાઈન્સે કહ્યું છે કે, 'અમે આગામી 48 કલાકમાં સંચાલનને સમયસર કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. અન્ય એક નિવેદનમાં તેમણે સ્વીકાર્યું છે કે, છેલ્લા બે દિવસમાં આખા નેટવર્કમાં સંચાલન કામગીરીને અસર થઈ છે, જેની અમે મુસાફરોની માફી માંગી રહ્યા છીએ.' ' રિપોર્ટ મુજબ, એરલાઈન્સ આગામી 48 કલાકમાં કેટલીક ફ્લાઈટો રદ કરશે અથવા તો તેના સમયમાં ફેરફાર કરી શકે છે.

એરલાઈન્સે કહ્યું કે, 'નાની-મોટી ટેકનિકલ ખામી, શિયાળાના મોસમના કારણે શેડ્યુલમાં ફેરફાર, ખરાબ હવામાન, ફ્લાઈટ સંચાલનમાં સમસ્યા અને નવા ક્રૂ રોસ્ટરિંગ નિયમો(ફ્લાઈટ ડ્યુટી સમય મર્યાદા) ના નવા નિયમના કારણે સંચાલન કરવામાં અનેક પડકારો આવ્યા છે. ઈન્ડિગો એરલાઈન્સ દૈનિક 2300 ફ્લાઈટોનું સંચાલન કરે છે.


'અમે યુદ્ધ માટે પણ તૈયાર છીએ'

# શાંતિ મંત્રણા અવરોધતા યુરોપીય રાષ્ટ્રોને પુતિનની ગર્ભીત ચેતવણી

• મોસ્કો

જો યુરોપના દેશોને યુદ્ધ જોઈતું જ હોય તો, અમે તે પણ આપવા તૈયાર છીએ તેમ રશિયન પ્રમુખ પુતિને અમેરિકામાં સાથી રાષ્ટ્રો જેવા યુરોપીય રાષ્ટ્રોને મંગળવારે ખુલ્લી ચેતવણી આપી હતી. વાસ્તવમાં અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે રજૂ કરેલી શાંતિ યોજના સ્વીકારવાને બદલે યુદ્ધ બહેકાવવાનો પુતિન ઉપર યુરોપીય દેશોએ મુકેલા આક્ષેપથી પ્રમુખ પુતિન અત્યંત ગુસ્સે ભરાયા છે. તેમ કહેતાં ક્રેમ્લીન જણાવે છે કે, પ્રમુખની આ ટીકાથી સ્પષ્ટ થઈ જાય છે કે, રસિયા થંભી ગયેલી શાંતિ મંત્રણા માટે પોતાની ઉપર લગાડાયેલા આક્ષેપથી ઘણું જ નારાજ છે.

પ્રમુખ પુતિને પોતાના આ વિધાનો ક્રેમ્લીનમાં મળી રહેલી ઈન્વેસ્ટમેન્ટ ફોરમની પરિષદમાં કર્યા હતા.



આ પરિષદમાં અમેરિકાના મોસ્કો સ્થિત રાજદૂત સ્ટીવ વીરકોફ અને પ્રમુખના વિશેષ દૂત તરીકે ઉપસ્થિત રહેલા પ્રમુખ પુતિનના જમાઈ જેરેડ કુશનરની હાજરીમાં કર્યા હતાં.

આ સાથે પ્રમુખે તેમ પણ કહ્યું હતું કે, રશિયા યુરોપ ઉપર આક્રમણ કરવાનો ઈરાદો ધરાવતું ન હતું. ધરાવતું પણ નથી. અમે કંઈ યુરોપ સાથે યુદ્ધ કરવા માગતા નથી. પરંતુ જો યુરોપ તે (યુદ્ધ) માગતું જ હોય તો અમે યુદ્ધ માટે પણ તૈયાર છીએ.

# પાક. આર્મી ચીફ અસીમ મુનીર ભારત સાથે યુદ્ધ કરવા માગે છે

## ઇમરાનનાં બહેન અલીના ખાને કરેલો જબ્બર ધડાકો

• રાવલપિંડી

પાકિસ્તાનના પૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનનાં બહેન અલીના ખાને ઈમરાનને મળ્યા પછી પત્રકારો સાથેની વાતચીતમાં જબ્બર ધડાકો કરતાં કહ્યું હતું કે હકીકતમાં પાકિસ્તાનના લશ્કરી વડા અસીમ મુનીર ભારત સાથે યુદ્ધ કરવાના મતના હતા જ્યારે મારો ભાઈ ઈમરાન ખાન ભારત સાથે સંબંધો સુધારવા માગતો તેમજ ભારતના સત્તાધારી પક્ષ ભાજપ સાથે પણ સંબંધો સુધારી ભારતની ટેકનોલોજીનો પણ લાભ લેવા માગતો હતો. તેમ જ વ્યાપાર વાણિજ્ય પણ વધારી પાકિસ્તાનના ઉદ્યોગોને પણ બળવત્તર કરવા માગતો હતો. અત્યારે પણ તે આવો જ



મત ધરાવે છે.

આ તબક્કે પત્રકારોએ તેઓને પૂછ્યું કે આપ આ મંતવ્ય ઉપર કઈ રીતે આવ્યાં છો ? ત્યારે અલીના ખાને જણાવ્યું હતું કે અસીમ મુનીર એક કટ્ટરવાદી ઈસ્લામિસ્ટ છે. તેના વિચારો જ તેને ભારત સાથે યુદ્ધ કરવા પ્રેરી રહ્યા છે. વાસ્તવમાં તેઓ ઈસ્લામને અનુસરતા ન હોય તે (કાફરો) બધા સામે યુદ્ધ કરવાના મતના છે. તેથી જ તેઓ ઈમરાનની સામે પડી ગયા છે પરંતુ આવા કટ્ટરવાદી વિચારો આ યુગમાં ટકી શકે જ નહીં, તેથી ખુદ પાકિસ્તાનને જ ન સુધારી શકાય તેટલું મોટું નુકશાન થશે.

ટૂંકમાં ઈમરાન ખાનનું આ મંતવ્યનું પાકિસ્તાન માટે નુકસાનકારક બની રહ્યું છે તેવું મંતવ્ય ધરાવતા પાકિસ્તાનના સત્તાવાળાઓએ એક યા બીજું બહાનું મહદઅંશે ઉભું કરેલું બહાનુ શોધી ઈમરાનખાનને જેલ હવાલે કરી દીધા છે અને ગમે તેટલી મુસીબતો વચ્ચે પણ આ પૂર્વ ક્રિકેટર હજી સુધી તો નોટઆઉટ રહ્યા છે તે નિર્વિવાદ છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખોઃ 9662420070

# દુબઈ માં યોજાનારી એશિયન યુથ પેરા ગેમ્સમાં પોરબંદરની પ્રિયાબેન કોડીયાતરનો સમાવેશ

## ગુજરાતના યુવા પારા ખેલાડીઓ સાથે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની મુલાકાત





• વિરમભાઈ કે. આગઠ

દુબઈ ખાતે ૭ થી ૧૪ ડિસેમ્બર-૨૦૨૫ દરમિયાન યોજાનારી એશિયન યુથ પેરા ગેમ્સમાં ભારત તરફથી પસંદ થયેલા યુવા પારા ખેલાડીઓમાં ગુજરાતના પોરબંદર જિલ્લાના પ્રતિભાશાળી ખેલાડી ઓમા પ્રિયાબેન સરમણભાઈ કોડીયાતરની ગૌરવપૂર્ણ પસંદગી કરવામાં આવતા રાજ્ય અને પોરબંદર જિલ્લા તેમજ રબારી સમાજનું ગૌરવ વધારેલ છે આ અવસરે રાજ્યના નાયબ મુખ્યમંત્રી તથા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના મંત્રી હર્ષ સંઘવીએ ખેલાડીઓ સાથે મુલાકાત કરી તેમને શુભ કામનાઓ પાઠવી હતી. તેમણે જણાવ્યું કે આંતરરાષ્ટ્રીય સ્તરની આ પ્રતિષ્ઠિત પેરા સ્પર્ધામાં પોરબંદરનું પ્રતિનિધિત્વ કરવાનું સન્માન રાજ્ય માટે ગૌરવની બાબત છે.ઉલ્લેખનીય છે કે પ્રિયાબેન કોડીયાતરે રાષ્ટ્રીય તેમજ રાજ્ય સ્તરે અનેક મેડલ મેળવીને પોતાની કૌશ્યલ નું પ્રદર્શન કર્યું છે.જેમાંરાષ્ટ્રીય સિદ્ધિઓમાં -૧૨મું નેશનલ જુનિયર અને સબ-જુનિયર પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ - ૨૦૨માં લોંગ જમ્પ - બ્રોન્ઝ મેડલ (ભારત સ્તરે ૩જો ક્રમ), ૧૦૦ મીટર દોડ - સિલ્વર મેડલ (૨જો ક્રમ), ભાલા ફેંક - સિલ્વર મેડલ (૨જો ક્રમ મેળવેલ. જ્યારે ૧૪મું જુનિયર અને સબ-જુનિયર પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ - ૨૦૨૫ માં યુ-૨૦ લોંગ જમ્પ ટી-૪૬ - ૪.૦૧ મીટર (પ્રથમ ક્રમ - ગોલ્ડ મેડલ મેડલ, યુ-૨૦ ૧૦૦ મીટર ટી-૪૬ - ૧૬.૧૯ સેકન્ડ (૪થો ક્રમ)ખેલ મહાકુંભ રાજ્ય સ્તરની સિદ્ધિઓમાં ખેલ મહાકુંભ ૨૦૨૨માં હાઈ જમ્પ - પ્રથમ ક્રમ (ગોલ્ડ મેડલ),લોંગ જમ્પ - ત્રીજો ક્રમ (બ્રોન્ઝ),ખેલ મહાકુંભ ૩.૦ (૨૦૨૪-૨૫) માં ૧૦૦ મીટર દોડ - પ્રથમ ક્રમ (ગોલ્ડ મેડલ) તેમજલોંગ જમ્પ - પ્રથમ ક્રમ ગોલ્ડ મેડલ મેળવી પ્રિયાબેને સતત ઉત્તમ પ્રદર્શન દ્વારા રાજ્ય અને પોરબંદર જિલ્લાનું નામ રોશન કર્યું છે.

હવે દુબઈમાં યોજાતી એશિયન યુથ પેરા ગેમ્સમાં તેમની રમતમાં સૌની નજર રહેશે.

## પૂર્ણાહુતિ

### ગુજરાત કોંગ્રેસની ઐતિહાસિક 'જન આક્રોશ યાત્રા

# પરિવર્તનનો શંખનાદ'નો 1100 કિ.મી.નો પ્રથમ ચરણ બેચરાજી ખાતે પ્રચંડ જનસમર્થન સાથે પૂર્ણ

## પ્રજાના ટેક્સથી સરકારની તિજોરી ભરાય છે, પરંતુ એ જ સરકાર પ્રજાનો અવાજ સાંભળવા તૈયાર નથીઃ અમિત ચાવડા

• ગાંધીનગર

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા ઉત્તર ગુજરાતના ધીમા (ધરણીધર મંદિર)થી શરૂ કરાયેલી 1100 કિલોમીટર લાંબી 'જન આક્રોશ યાત્રા - પરિવર્તનનો શંખનાદ' આજે બહુચર માતાના આશીર્વાદ વચ્ચે બેચરાજી ખાતે પ્રચંડ જનમેદનીની સાક્ષીમાં સફળતાપૂર્વક પૂર્ણ થઈ.

આ યાત્રાના દરેક પડાવ પર જનતાનું સ્વયંભૂ જોડાણ અને ઉગ્ર આક્રોશે સ્પષ્ટ કરી દીધું છે કે ગુજરાતમાં 30 વર્ષના ગેરવહીવટ, અહંકાર અને તાનાશાહીની સામે હવે પરિવર્તન અણિવાર્ય બની ગયું છે. સમાપન સભામાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના રાષ્ટ્રીય મહામંત્રી અને પૂર્વ ઉપ મુખ્યમંત્રી સચિન પાયલટે દિલ્હી એરપોર્ટ પર ટેક્નિકલ ખામીને કારણે બધીજ ફ્લાઈટ કેન્સલ થવાથી ગુજરાત ખાતે આવી શક્યા ન હતા પરંતુ તેમણે સભાને ઓનલાઈન માધ્યમથી સંબોધતા જણાવ્યું હતું કે, ગુજરાતના ખેડૂતો પર લાગેલું દેવાનું ભારણ તેમની જીવનશૈલીને તોડી નાખે છે, અને 10,000 રૂપિયાના નામમાત્ર પેકેજ દ્વારા ખેડૂતનું કલ્યાણ થઈ શકે નહીં. દેશના વિવિધ રાજ્યોમાં કોંગ્રેસની સરકારે ખેડૂતોને દેવા માફી આપીને ન્યાય આપ્યો છે, પરંતુ ગુજરાતમાં ભાજપ સરકાર ધનિક મિત્રો માટે હજારો કરોડ માફ કરે છે, જ્યારે ખેડૂત પોતાના પરસેવાના હક માટે ધક્કા ખાઈ રહ્યો છે. તેમણે જણાવ્યું કે યુવાનોના ફિક્સ પગાર, ખેડૂતોના દેવા, આદિવાસીઓના હક અને દારૂ-ડ્રગ્સના મુદ્દાઓ પર પ્રજાના આક્રોશે માત્ર ગાંધીનગર જ નહીં, પરંતુ દિલ્હીની સંપૂર્ણ સત્તાને હચમચાવી દીધી છે અને ગુજરાતમાં પરિવર્તન હવે થવાનું જ છે. રાજ્યના કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ કહ્યું કે આ લડાઈ પક્ષની નથી, પરંતુ પ્રજાના અધિકાર અને સન્માનની છે. પ્રજાના ટેક્સથી સરકારની તિજોરી ભરાય છે, પરંતુ એ જ સરકાર પ્રજાનો અવાજ સાંભળવા તૈયાર નથી, એ જ વિરોધ કરવા કોંગ્રેસ આ યાત્રા લઈને નીકળ્યું છે. તેમણે ખુલાસો કર્યો કે દારૂ-ડ્રગ્સના રાકડાને લઈને કોંગ્રેસે જનતાની વેદનાને જ્યારે યાત્રામાં વાચા આપી, ત્યારે સરકારને સૌથી મોટું દુઃખ એ થયું કે જન આક્રોશ ગાંધીનગર સુધી પહોંચતા હપ્તાઓના દરવાજા બંધ થવાના છે, તેથી તંત્રમાં અશાંતિ ફેલાઈ છે.

લોકો હવે ડરીને નહીં, ખુલ્લેઆમ પોતાના હક માટે ઊભા થઈ રહ્યા છે, અને આક્રોશ એક સુવ્યવસ્થિત લોકઆંદોલનનું સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરીએ જણાવ્યું કે ખેડૂત આક્રોશ યાત્રા દરમિયાન 13 દિવસના સતત 1100 કિ.મી. ના પ્રવાસમાં હજારો ખેડૂતો સાથે થયેલી સીધી મુલાકાતથી સ્પષ્ટ થયું કે 10,000ના પેકેજથી કોઈ ખેડૂતનું કલ્યાણ થવાનું નથી - દેવા સંપૂર્ણ માફ કર્યા વગર ખેડૂત ફરી ઊભો થઈ શકે નહીં. ઈનપુટ ખર્ચ વધે છે, બજાર ભાવ નથી, વળતર નામમાત્ર મળે છે, અને તંત્ર પ્રજાની વેદના સાંભળવા તૈયાર નથી; એટલે આક્રોશ ઉદ્દભવવો સ્વાભાવિક છે.

કોંગ્રેસ આ આક્રોશને બુદ્ધિપૂર્વક અને શક્તિશાળી રીતે નેતૃત્વ આપી રહી છે. ઉપસ્થિત સૌ આગેવાનોએ એક અવાજે કહ્યું કે જ્યારે કોંગ્રેસે સૌરાષ્ટ્રમાં સોમનાથથી દ્વારકાથી ખેડૂત અધિકાર યાત્રા કરી અને 11 જિલ્લાઓના ખેડૂતોને મળ્યા, ત્યારે સ્પષ્ટ સમજાયું કે માત્ર ખેડૂતો જ નહીં, પરંતુ બેરોજગારીથી પીડાતા યુવાનો, ભ્રષ્ટાચાર અને કાનૂન વ્યવસ્થાના પ્રશ્નો સામે લડતી મહિલાઓ અને દારૂ-ડ્રગ્સના કહેરથી ત્રસ્ત પરિવારોમાં પણ વિકરાળ આક્રોશ છે. એ જ આક્રોશને શક્તિશાળી અવાજ આપવા માટે ધીમા ધરણીધરથી શરૂ થયેલી આ જન આક્રોશ યાત્રાનો 1100 કિ.મી.નો પ્રથમ ચરણ આજે બેચરાજી ખાતે પૂર્ણ થયો છે.

**ગાંધીનગર સુધી પહોંચતા હપ્તાઓના દરવાજા બંધ થવાના છે, તેથી સરકારમાં અશાંતિ ફેલાઈ છેઃ અમિત ચાવડા**

### ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતાના નિયમોના અભાવ બદલ 9 દુકાનોને નગરપાલિકા દ્વારા દંડ ફટકારવામાં આવ્યો

# મહેમદાવાદ, ડાકોર, કપડવંજમાં ફૂડ એન્ડ ડ્રગ્સની ટીમોએ અખાદ્ય જથ્થો નાશ કર્યો

**કાર્યવાહી** ખેડા જિલ્લાના ધામક, પ્રવાસન સ્થળો પર આરોગ્યલક્ષી મેગા ડ્રાઇવ

નડિયાદ : ખેડા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લાના મુખ્ય ધામક અને પ્રવાસન સ્થળોની આસપાસ આવેલી ફૂડ કોર્ટ અને નાસ્તા-ભોજનની દુકાનોમાં ખાદ્ય સામગ્રીની ગુણવત્તા અને સ્વચ્છતા જાળવવા માટે એક વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં તપાસ દરમિયાન અખાદ્ય જથ્થો નાશ કરવા સાથે સ્વચ્છતાના અભાવ બદલ દુકાનદારોને દંડ પણ ફટકારવામાં આવ્યો હતો.

આ મેગા ડ્રાઈવના ભાગરૂપે મહેમદાવાદ સ્થિત સુપ્રસિદ્ધ સિદ્ધિ વિનાયક મંદિરની ફૂડ કોર્ટમાં તપાસ હાથ ધરાઈ હતી. આ કાર્યવાહી દરમિયાન ૨૫થી વધુ ખાદ્યપદાર્થોના નમૂના લેવામાં આવ્યા હતા અને આશરે ૨૫થી ૩૦ કિલો અખાદ્ય જથ્થાનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, ડાકોરના સુપ્રસિદ્ધ રણછોડજી મંદિરના ગોમતીઘાટ આસપાસ આવેલી ખાણીપીણીની હોટલોમાં પણ ડ્રાઈવ યોજવામાં આવી હતી. અહીં ફૂડ એન્ડ ડ્રગ્સની ટીમ દ્વારા ખાદ્ય સામગ્રીનું સેમ્પલિંગ કરવામાં આવ્યું હતું, જ્યારે નગરપાલિકાની ટીમ દ્વારા સ્વચ્છતા અનુસંધાને સ્થળ પર જ દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

કપડવંજ તાલુકામાં પણ મામલતદાર અને સ્થાનિક અધિકારીઓની હાજરીમાં સઘન ચેકિંગ કરવામાં આવ્યું હતું. સમગ્ર જિલ્લામાં આ ડ્રાઈવ હેઠળ કુલ ૨૨ દુકાનોમાં ચકાસણી કરવામાં આવી હતી. જેમાં ૯ દુકાનોમાંથી ખાદ્યપદાર્થોના નમૂના લેવામાં આવ્યા હતા. સાથે જ, ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતાના નિયમોના અભાવ બદલ ૯ દુકાનોને નગરપાલિકા દ્વારા દંડ ફટકારવામાં આવ્યો હતો.



### કમોસમી વરસાદમાં થયેલા પાક નુકશાન સામે અત્યાર સુધીમાં

# ૩.૩૯ લાખથી વધુ ખેડૂતોના બેન્ક ખાતામાં રૂ.૧૦૯૮ કરોડથી વધુની સહાય ચૂકવાઈ

• ગાંધીનગર



મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતા હેઠળ મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં ચર્ચાયેલા મુદ્દાઓ અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, કમોસમી વરસાદે રાજ્યના અનેક ખેડૂતોની આશાઓ ઉપર પાણી ફેરવ્યું હતું, તેવા કપરા સમયમાં ગુજરાત સરકારે ખેડૂતોની પડખે અડીખમ ઉભા રહીને સંવેદનશીલતા અને સક્રિયતાનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, કમોસમી વરસાદમાં ખેડૂતોના પાકને થયેલા નુકશાન સામે તેમને મદદરૂપ થવાના આશય સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળની રાજ્ય સરકારે રેકોર્ડબ્રેક સમયમાં પંચ રોજકામ પૂર્ણ કરીને ઐતિહાસિક રૂ. ૧૦,૦૦૦ કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કર્યું હતું. આ પેકેજ હેઠળ સહાય મેળવવા માટે અરજી પ્રક્રિયા પણ રાજ્ય સરકારે ખૂબ જ ટૂંકા સમયમાં શરૂ કરી દીધી હતી. રાજ્યનો કોઈપણ નુકશાનગ્રસ્ત ખેડૂત સહાયથી વંચિત ન રહી જાય તે માટે અરજી કરવાની સમય મર્યાદા પણ રાજ્ય સરકારે સાત દિવસ સુધી વધારી છે. આ પેકેજ હેઠળ સહાય મેળવવા માટે ગામના VCE/VLE મારફત હજુ પણ અરજી પ્રક્રિયા ચાલી રહી છે, જે આગામી તા. ૫ ડિસેમ્બર સુધી ચાલુ રહેશે. અત્યાર સુધીમાં રાજ્યના ખેડૂતો દ્વારા સહાય મેળવવા માટે કુલ ૨૯.૮૦ લાખથી વધુ અરજીઓ કરવામાં આવી છે. કૃષિ વિભાગ દ્વારા તબક્કાવાર અરજીઓની ચકાસણી કરવામાં આવી રહી છે અને ચકાસણી બાદ સહાયની રકમ સીધી ખેડૂતોના બેન્ક ખાતામાં જમા કરવામાં આવી રહી છે. આજદિન સુધીમાં કુલ ૪.૯૧ લાખથી વધુ નુકશાનગ્રસ્ત ખેડૂતોને સહાય આપવા માટે કુલ રૂ. ૧૪૯૭ કરોડથી વધુના બીલો તૈયાર કરવામાં આવ્યા છે. જે પૈકી અત્યાર સુધીમાં ૩.૩૯ લાખથી વધુ નુકશાનગ્રસ્ત ખેડૂતોના બેન્ક ખાતામાં રૂ. ૧૦૯૮ કરોડથી વધુ સહાયની ચૂકવણી કરવામાં આવી છે, તેમ પ્રવક્તા મંત્રીએ ઉમેર્યું હતું. વધુમાં મંત્રીએ જણાવ્યું હતું કે, બાકી રહેલા ખેડૂતોને પણ તબક્કાવાર તેમના બેંક ખાતામાં ઝડપથી સહાય ચૂકવવામાં આવશે. રાજ્યનો કોઈપણ નુકશાનગ્રસ્ત ખેડૂત સહાયથી વંચિત ન રહી જાય તેની સંપૂર્ણ તકેદારી રાખવામાં આવી રહી છે.

### કેમિકલની આડમાં દારૂનો 'ઝેરી' વેપાર

# વલસાડ LCB એ ૪૦.૫૭ લાખના મુદ્દામાલ સાથે કન્ટેનર ઝડપ્યું

• વલસાડ

વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચ (LCB) ની ટીમે મળેલી ખાનગી બાતમીના આધારે પારડી નજીક નેશનલ હાઈવે નંબર-૪૮ પરથી કેમિકલના ડ્રમની આડમાં ચોરી છૂપીથી લઈ જવાતા વિદેશી દારૂના વિપુલ જથ્થા સાથે એક કન્ટેનર ચાલકની ધરપકડ કરી છે.



LCB ટીમે મોજે. રે મન્ડ ખડકી ઓવરબ્રીજ ચઢતા, મુંબઈ થી સુરત તરફ જતા નેશનલ હાઈવે પર વોચ ગોઠવી હતી. આ દરમિયાન (RJ-14-GK-2543) રજીસ્ટ્રેશન નંબરનું અશોક લેલન કંપનીનું બંધ બોડીનું કન્ટેનર ઝડપી પાડવામાં આવ્યું હતું. કન્ટેનરની અંદર કેમિકલના ૪૮ ડ્રમ (કિ.રૂ. ૨૩,૪૪,૮૯૬/-) ની આડમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ સંતાડવામાં આવ્યો હતો.

તપાસ દરમિયાન દારૂના ૭૦ બોક્સ (૨૬૬૪ બાટલી/ટીન) મળી આવ્યા હતા, જેની કિંમત ૭,૦૭,૯૦૪/- થાય છે. કન્ટેનર, કેમિકલના ડ્રમ અને દારૂ મળી કુલ ૪૦,૫૭,૮૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. LCB એ કન્ટેનર ચાલક આરોપી નિસાર S/O જર્જીશ નુરમહોમદ ખાન (ઉ.વ. ૩૫, રહે. ભરતપુર, રાજસ્થાન) ને સ્થળ પરથી પકડી પાડ્યો છે.

પકડાયેલા આરોપી ઉપરાંત, દારૂનો જથ્થો ભરાવનાર અને મંગાવનાર મુખ્ય સૂત્ર ધા ર ગીતાબેન અને તેના માણસને વો ન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. પકડાયેલા આરોપી અને મુદ્દામાલ વધુ તપાસ અર્થે પારડી પોલીસ સ્ટેશનને સુપ્રત કરવામાં આવ્યા છે.

## બાકોર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ક્રેટા ગાડી મા ખોટી નંબર પ્લેટ લગાવી પોતાની ઓળખ છુપાવનાર ઝડપાયો

• વીરભદ્ર સિંહ સિસોદીયા. મહિસાગર


મહીસાગર એલ.સી.બી. પોલીસ ઈન્સ. . એમ.કે.ખાંટની સુચના અને માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. સ્ટાફના માણસો બાકોર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા જે દરમ્યાન બાબલીયા ચોકડી પાસે રસ્તા ઉપર એક ગ્રે કલરની ક્રેટા ગાડી નંબર GJ-06-PE-3474 શંકાસ્પદ હાલતમાં નીકળેલ હોય સદર ક્રેટા ગાડીને રસ્તા ની સાઈડમાં ઉભી રખાવી ક્રેટા ગાડી ના ડ્રાઈવર ઈસમ ને પૂછપરછ કરતા સદર ગાડીની નંબર પ્લેટ ખોટી હોવાનુ જણાય આવતા એલ.સી.બી. સ્ટાફ દ્વારા ગાડી બાબતે વધુ તપાસ કરતા ગાડીનો સાચો રજીસ્ટ્રેશન નંબર RJ 36 CA 8880 નો હોવાનુ જણાય આવેલ તેમજ સદર ક્રેટા ગાડીમાંથી અન્ય ડુપ્લીકેટ નંબર પ્લેટો મળી આવતા સદર ઈસમને ઝડપી પાડી બાકોર પો.સ્ટે. ખાતે આરોપી અશોક મોહનલાલજી બિશ્નોઈ ઉ.વ.૨૧ રહે. વાડા વાડવી વિષ્નુનગર તા. બાગોડા જી.જાલોર (રાજસ્થાન) વિરુધ્ધ ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. પકડાયેલ ઈસમનુ નામ - અશોક મોહનલાલજી બિશ્નોઈ ઉ.વ.૨૧ રહે. વાડા વાડવી વિષ્ણુનગર તા.બાગોડા જી.જાલોર (રાજસ્થાન)

### નેશનલ રોડ સાયકલિંગ ટીમનાં 31 માંથી 17 સુરતનાં ખેલાડીઓ ડિસેમ્બરમાં ઓડીશા ખાતે રમવા જશે

# રાજ્ય કક્ષાની સ્પર્ધામાં સુરત ખેલાડીઓએ 6 ગોલ્ડ મેડલ સાથે કુલ 15 જેટલા મેડલ જીત્યા

• સુરત

ગુજરાત સ્ટેટ સાયકલિંગ એસોસિયન દ્વારા રાજ્ય કક્ષાની રોડ સાઈકલિંગ સ્પર્ધા એલ.એન્ડ ટી. રોડ, ધોલેરા સર ખાતે યોજાઈ હતી. જેમાં ગુજરાતનાં 10 જિલ્લાનાં 90 ખેલાડીઓએ ભાગ લીધો હતો. અલગ અલગ કેટેગરીમાં કુલ 31 ખેલાડીની પસંદગી નેશનલ સ્પર્ધા માટે કરવામાં આવી છે, જે પૈકી 17 ખેલાડીઓ સુરતનાં છે કે જેઓ ગોલ્ડ મેડલ જીત્યા છે. જેમાં મીજાન અબ્બાસ અલીરાજા, રજત સારંગ, હેની ઝાલાવાડીયા અને મૈત્રી વસાવા સામેલ છે. નેશનલ સ્પર્ધા ડિસેમ્બર મહિનામાં તારીખ 2 થી 6 દરમિયાન સંબલપુર ખાતે યોજાશે. ટીમનાં કોચ અને



મેનેજર તરીકે સુમિત્રાબેન વસાવા અને યોગેશ કટારીયા જ્યારે ટેકનિશિયન તરીકે ગૌરવસિંહની પસંદગી કરવામાં આવી છે. સુરત જીમખાનાનાં મંત્રી અશોકભાઈ મહેતા, એસોસિયન પ્રમુખ હિતેશભાઈ ગામીત, મંત્રી પરીક્ષિતભાઈ, જહાનવીબેન તથા ટીમ કોચ યોગેશભાઈએ સુરતનાં ખેલાડીઓ અને નેશનલ રોડ સાયકલિંગ માટે પસંદગી પામેલ છે સૌને અભિનંદન પાઠવ્યા હતાં.

# કદવાલ ગ્રુપ પ્રાથમિક શાળાના આચાર્યનું ઉદાહરણ: રોજ જાતે કરે છે શાળાની સફાઈ

## હાલ આચાર્ય તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીનો વધારાના ચાર્જમાં પણ છે

• ઈરફાન મકરાણી - કદવાલ

કદવાલ છોટાઉદેપુર જિલ્લાના કદવાલ ગામે આવેલી કદવાલ ગ્રુપ પ્રાથમિક શાળામાં એક આચાર્ય રોજ સવારે ઝાડુ ઉપાડી શાળાના પ્રાંગણને સ્વચ્છ કરી અને પ્રેરણાદાયક સંદેશ આપે છે. આચાર્ય તેમજ હાલ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી તરીકે ફરજ બજાવતા રણજીતસિંહ બારીયા સ્વચ્છતાને માત્ર અભિયાન નથી માનતા, પરંતુ જીવન મૂલ્ય રૂપે અમલમાં મૂકે છે.દરરોજ શાળાએ પહોંચ્યા બાદ તેઓ પોતે ઝાડુ લઈ શાળાના સંકુલમાં સફાઈ કાર્ય કરે છે. સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવવા તેઓ બાળકોને વ્યવહારિક ઉદાહરણ આપી પ્રેરિત કરે છે. તેમના રોજિંદા કાર્ય દ્વારા ‘શાળા મારી જવાબદારી” નો સંદેશ વિધાર્થીઓ, શિક્ષકો અને ગામલોકો સુધી પહોંચે છે. રણજીતસિંહ બારીયાએ વાતચીત દરમિયાન જણાવ્યું કે,‘શાળા અમારું પહેલું ઘર છે, જ્યાં સરસ્વતીનો વાસ છે. શાળાને વિધાનું મંદિર કહેવામાં આવે છે અને હું આ મંદિરનો સેવક છું. આ શિક્ષણધામને સાફ કરવાનું કાર્ય મારા માટે ફરજથી વધુ ધર્મ સમાન છે. હું ઈચ્છું તો આ કામ અન્ય કોઈને સોંપી શકું, પરંતુ મારા આત્મસંતોષ અને સેવા ભાવના માટે જાતે આ કામ કરું છું.‘તેમણે વધુમાં ઉમેર્યું કે, અન્ય શિક્ષકોમાં પણ આ કાર્ય પ્રેરણારૂપ છે, પરંતુ આ કાર્ય કરવા ખુમારી, જીદાદિલી અને સંકલ્પ શક્તિ હોવી જરૂરી છે. રણજીતસિંહ બારીયાના આ પગલાંઓ શિક્ષક તરીકેની જવાબદારી દર્શાવે છે કે માત્ર વાણીથી નહીં, પરંતુ વર્તન દ્વારા સમાજને બદલાવી શકાય છે. તેમની આ નમ્ર સેવા અને સ્વચ્છતા પ્રત્યેની પ્રતિબદ્ધતા આજે સમગ્ર શિક્ષક વર્ગ માટે પ્રેરણારૂપ બની રહી છે.



## સાંસદ, જિલ્લા પ્રમુખ સામે કરેલા આક્ષેપોનું ખંડન કરી આપ પ્રમુખ ની કરતુતો નો પર્દાફાશ કરતાં જિલ્લા ભાજપા પ્રમુખ

# આપના જિલ્લા પ્રમુખ નિરંજન વસાવાનો ભાઈ દારૂનો ધંધો કરતો પકડાયા બાદ રાજકારણ ગરમાયું

## નિરંજન વસાવા પર માનહાનીના કેસની નોટિસ પણ મોકલતા રાજકીય ખળભળાટ



• દીપક જગતાપ, રાજપીપલા

આપ અને નર્મદા ભાજપા પ્રમુખ આમને સામને આવતા નર્મદા નું રાજકારણ ગરમાયું છે. તાજેતર માં આપના જિલ્લા પ્રમુખ નિરંજન વસાવાનો ભાઈ થોડા દિવસ પેહલા દારૂનો ધંધો કરતો પકડાયાનો મામલો ભારે ચર્ચાનો વિષય બન્યો હતો.દારૂ પકડાયા ની ઘટના બાદ બાદ નર્મદામાં રાજકીય ગરમાવો આવી ગયો છે. આપ પ્રમુખ નિરંજન વસાવાએ ભાજપ પ્રમુખ નિલ રાવ,સાંસદ મનસુખ વસાવા અને બીજા કાર્યકરો પર આક્ષેપ કર્યા હતા કે ભાજપનાજ નેતાઓ દારૂનો ધંધો કરે છે એમને કોઈ પકડતું નથી.અને સાંસદમનસુખ વસાવાં અને જિલ્લા પ્રમુખ નીલ રાવ ને જાહેરમાં ડિબેટમાં આપ ના જિલ્લા પ્રમુખે લલકાર્યા હતા.

જોકે આજે એના પ્રત્યુત્તર માં નિરંજન વસાવાએ સોશિયલ મીડિયા માં મુકેલ વિડિઓ બાબતે ભાજપ જિલ્લા પ્રમુખ નિલ રાવે પત્રકાર પરિષદ બોલાવી સામી પ્રતિક્રિયા આપી આપ પ્રમુખને લલકાર્યા હતા. અનેભાજપ પ્રમુખ નીલ રાવે કહ્યું હતું કે નિરંજન વસાવા પર અગાઉ 10 કેસ થયા છે નિરંજન વસાવા ડીગ્રી ચોર અને વીજળી ચોર છે અને અમારા ભાજપ ના લોકો પર આક્ષેપો કરે છે

ભાજપ પ્રમુખ એ કહ્યું કે મે નિરંજન વસાવા પર માનહાનીના કેસની નોટિસ પણ મોકલી છે અને જણાવ્યું હતું કે કરેલા ખોટા આક્ષેપ પુરવાર નહીં કરે તો કાનૂની કાર્યવાહી થશે.આવા ગુનાહિત પ્રવૃત્તિ કરનાર નિરંજન વસાવાને આમ આદમી પાર્ટી ના પ્રમુખ ઈસુદાન ગઢવી, ગોપાલ ઇટાલીયા અને ચૈતર વસાવા સસ્પેન્ડ કરશે? એવો સવાલ નર્મદા ભાજપ પ્રમુખે ઉઠાવ્યો હતો.

વધુમાં નિરંજન વસાવાએ વિડિઓ મુક્યો છે જેમાં જાહેર માં ડિબેટ કરવાની વાત કરી છે જે ભાજપ પ્રમુખ નિલ રાવે સ્વીકારી હતી. અને જણાવ્યું હતું કે નિરંજન વસાવા તારીખ સમય અને સ્થળ બતાવે જાહેરમાં ડિબેટ કરવાની મારી પુરી તૈયારી છે. નીલ રાવે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે ભાજપના કાર્યકરો કોઈ દિવસ દબાવવાના નથી.નિરંજન વસાવાએ રેલવેની જમીન માં દબાણ કર્યું છે.જો એની સામે કાર્યવાહી નહિ થાય તો ભાજપ પ્રમુખ નીલ રાવે કહ્યું કે ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરીશ.ભૂતકાળમાં નિરંજન વસાવા અનાજ ચોરી કરતા રંગે હાથે પકડાયો હતો જેને કારણે ભાજપમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. નિરંજનનો બીજો ભાઈ હાર્દિક સામે 2015માં રાજપીપલા માં 4.5 લાખ રૂપિયા નો દારૂનો કેસ માં ફરિયાદ થઈ હતી અને બીજો ભાઈ ભદ્રેશ સામે પણ ઘણી ફરિયાદો થઈવધુમાં આપ પ્રમુખનાં કરતુતો નો પરદા ફાશ કરતાં નીલ રાવે જણાવ્યું હતું કે નિરંજન વસાવા સામે પોતે 10 જેટલા ગુના દાખલ થયેલા છે, જેમાં રેતી અને હપ્તા ઉઘરાવવા બદલ ACB કેસ પણ સામેલ છે. નિરંજન વસાવાએ રેલવેની જમીન પર અતિક્રમણ કરીને હોટેલ બનાવી છે, અને તેની સામે રેલવે દ્વારા કેસ કરવામાં આવ્યો છે. રેલવેના માપણી રિપોર્ટમાં પણ આ દબાણની પુષ્ટિ થઈ છે.નિરંજન વસાવા સરપંચ તરીકે ગ્રામ પંચાયતની ગ્રાન્ટમાંથી સાર્વજનિક શૌચાલય બનાવવાના બદલે પોતાની હોટેલના ઉપયોગ માટે રેલવેની જમીનમાં શૌચાલય બનાવ્યા છે.નિરંજન વસાવા વિજળી ચોરી કરતા પણ પકડાયા છે. તેમની હોટેલ અને ઘર પર વિજળી ચોરીની ફરિયાદ થયેલી છે.ભૂતકાળમાં નિરંજન વસાવા અનાજ ચોરી કરતા રંગે હાથે પકડાયા હતા, જ્યારે ટ્રક પલટી મારી હતી ત્યારે અનાજની બોરીઓ ચોરી કરીને ભાગી ગયા હતા. નીલ રાવે નિરંજન વસાવાને તેમની હોટેલની બહાર કરેલા માટી પુરાણની રોયલ્ટીના પૈસા સરકારમાં ભર્યા છે કે નહીં તે સાર્વજનિક કરવા પડકાર ફેંક્યો હતો.નીલ રાવે નિરંજન વસાવાને તેમની ગ્રેજ્યુએટ ડિગ્રી પણ સાર્વજનિક કરવા જણાવ્યું છે, કારણ કે તેઓ સાર્વજનિક જીવનમાં છે.ભાજપના સિનિયર નેતા અને સાંસદ સભ્ય મનસુખભાઈ વસાવા વિશે નિરંજન વસાવા દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓને નીલ રાવે ખૂબ જ નિંદનીય ગણાવી હતી નીલ રાવે ચેતવણી આપી છે કે જો પ્રશાસન કાર્યવાહી નહીં કરે તો ભાજપ ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરશે.

## છોટાઉદેપુર આપ નેતા વિનુ રાઠવાએ સરકારને જૂના વચનો યાદ અપાવ્યા

# છોટાઉદેપુરના ચોકડી ગામે આમ આદમી પાર્ટીની જન સભા યોજાઇ

**ભય-ભુખ-ભ્રષ્ટાચાર ભાજપની ઓળખ** — સભામાં વિનુ રાઠવાના ભાજપ પર આકરા પ્રહારો, કરતા બિહારની ચૂંટણી યાદ કરાવી



• છોટાઉદેપુર

આજે ગુજરાતમાં ભુખ,ભય, ભ્રષ્ટાચાર વધી ગયો છે આજે ગુજરાતમાં દરેક ગામડામાં લોકો થાકી ગયાં છે ભારતીય જનતા પાર્ટીના શાસનથી કંટાળીને સ્વયંભુ બહાર આવે છે : આપ નેતા વિનુ રાઠવાના આક્ષેપો જળ જંગલ જમીનની વાતો હતી જે તમને આપી દેશું, દેવા માફ કરીશું, ગામડામાં શાળાઓ સારી બનાવી આપીશું, વર્ગો વધારી આપીશું જેથી તમારું બાળક ત્યાં ને ત્યાં ભણે દૂર ન જવું પડે એવા મોટા મોટા વાયદાઓ અને તાયફાઓ કર્યા હતા, વિનુ રાઠવા

આ ભાજપની સરકાર જે શાળાઓ બનાવવાની જગયાએ ગામડોમાં ૫૦૦ થી વધારે શાળાઓ બંધ કર્યાના છોટાઉદેપુર આમ આદમી પાર્ટી જિલ્લા મહામંત્રી વિનુ રાઠવાના આક્ષેપ, અમે માહિતી મંગાવી આજે છોટાઉદેપુર તાલુકામાં ૧૫૦ થી વધારે શાળાઓમાં શિક્ષકોની ઘટ છે ગુજરાતની જનતાએ પેજ પ્રમુખથી પાર્લામેન્ટ સુધી તમને પહોંચાડી દીધા આ શિક્ષણ આપ્યું ; વિનુ રાઠવા આદિવાસી વિસ્તારને ડેવલપ કરવા દિલ્હી અને ગાંધીનગરથી ફાળવાઇ ને આવે છે આદિવાસી વિસ્તારને વિકાસ માટે આજે નળ જે જલ આપવાની વાતો હતી એ આખું ફેલ ગયું ના વિનુ રાઠવાના આક્ષેપ આજે ભૂતકાળમાં મોટા મોટા કૌભાંડો નીકળ્યા છે હમના વર્તમાનમાં ચૈતર વસાવા સાહેબે ૨૦૦૦/૨૫૦૦નું કૌભાંડ કાઢ્યું મંત્રીના છોકરાઓ ગયા જેલ માં, અને હમણાં છોટાઉદેપુરમાં પાણી પુરવઠા નળ સે જલ યોજનામાંથી રૂપિયા ૧.૪૧ કરોડ એમાં પણ અધિયાકારી ગામડામાં ભાઈઓ અને બહેનોને પાણી આપવાનો રૂપિયો હતો એ ૧.૪૧ કરોડના ચેકો ભરીને પોતાના ખાતામાં સગે વગે કરી દીધા, કોઈ બોલવા તૈયાર નથી ભાજપના મંત્રી ધારાસભ્ય સાંસદ કોઈ બોલવા ; વિનુ રાઠવા પોતે એકાઉન્ટ અધિકારી સરેન્ડર થયા બીજા અધિકારી નીકળે એટલે એકને હાથો બનાવી કે મારાથી ભૂલ થઈ મગજ આમ હતું તેમ થઈ સરેન્ડર થઈ ગયા, આમાં મોટી મોટી માછલીઓ ફસાવવાની હતી એટલે આ ભાઈને હાતો બનાવ્યો આટલું મોટું કરોડોનું કૌભાંડ, ચૈતર ભાઈએ અંબાજીથી ઉમરગામ સુધી બધાને જાગૃત કર્યા જ્યારે બચવા માટે એક અધિકારીને માથે નાખી બીજા બચી ગયા, આવા ઘણા ભ્રષ્ટાચાર છે નકલી કચેરી, નકલી ટોલ ગેટ, નકલી પોલીસ કોઈ બોલવા ત્યાર નથી અમે બોલ્યે છે તો એમને દુખે છે ; વિનુ રાઠવા ભાજપના ચૂંટેલા પ્રતિનિધિ એટલે હદે પહોચી ગયા છે કે પાછા આવશે અને કેશે અહીં બોડેલી બાજુ મોદી આવે છે બસો મૂકી દેશે અંદર ચવાણું નાખી દેસે; વિનુ રાઠવા નવા નવા ગટગરા લાવશે ઓનલાઇન ફોનલાઈન કરશે અત્યારે ચૂંટણી હતી બિહારમાં તે જીતવા માટે દસ દસ હજાર બહેનોના ખાતામાં નાખી દીધા અને અહીં આપણે અનાજ બગરી ગયું ખેડૂતોનો પાક બગડી ગયો આજે ખેડૂત નો ગટગરા કરાવે આ કરો પેલું કરો લોકોને વ્યસ્ત કરી દીધા, વિનુ રાઠવા સરકાર પર ભડક્યા, તમારે પૈસા આપવા જ છે ખેડૂતને તો આપી દોને ભાઈ કેમ તમે આ લોકોને ઓનલાઈન કરો પેલું કરો આ કરો ગટગરા કરો, તમારે બિહારમાં ચૂંટણી જીતવી હતી.

તો બહેનોના ખાતામાં દસ દસ હજાર નાખી દીધા તરત અને જીતી ગયા એના કોઈ ઓનલાઇન ફોનલાઈન ફોર્મ નહીં ભરવાના લાવો બહેનો ખાતા લાવો અને નાખી દીધા.

# દત્તાત્રેય ભગવાનની ઉપાસનાનું આધારભૂત શાસ્ત્ર

## ‘ગુરુદેવ દત્ત’ નો જપ શા માટે અને કેટલો કરવો ?

માગસર પૂર્ણિમાને દિવસે દત્તાત્રેય ભગવાનનું તત્ત્વ, અન્ય દિવસોની તુલનામાં, એક સહસ્ર ગણું કાર્યરત હોય છે. આ વર્ષે માગસર પૂર્ણિમા ૪.૧૨.૨૫ ગુરુવારે છે. પિતરોના કષ્ટ સામે મુક્તિ પ્રદાન કરનારા દત્તાત્રેય દેવતાનો આ દિવસે વધારેમાં વધારે નામજપ અને ઉપાસના કરવાથી તેમના તત્ત્વનો લાભ વધારે મળે છે. દત્તજયંતીનો ઉત્સવ સર્વ દત્તક્ષેત્રોમાં ઊજવે છે. દત્તજયંતી ઊજવવા બાબતે શાસ્ત્રોક્ત વિશિષ્ટ વિધિ પ્રચલિત નથી. આ ઉત્સવ પહેલાં સાત દિવસ ગુરુચરિત્રનું પારાયણ કરવાનો પ્રઘાત છે. તેને ગુરુચરિત્ર સપ્તાહ કહે છે. મહારાષ્ટ્રમાં ઔદુંબર, નૃસિંહવાડી, ગાણગાપૂર ઈત્યાદિ દત્તક્ષેત્રોમાં આ ઉત્સવનું ખાસ મહત્ત્વ છે. ભજન, પૂજન અને ખાસ કરીને કીર્તન ઈત્યાદિ ભક્તિના પ્રચલિત પ્રકાર છે. પૂજાપાઠ, આરતી જેવી ઉપાસના કરતાં અધિક શ્રેષ્ઠ તેમ જ દત્તાત્રેય ભગવાન સાથે અખંડ



અનુસંધાન સાધ્ય કરી આપનારી એકમાત્ર ઉપાસના છે, તેમનો નામજપ. કળિયુગમાં નામજપ આ સર્વોત્તમ સાધના છે. અનેક સંતોએ પણ કહ્યું છે કે, નામજપ સિવાય અન્ય કોઈ પર્યાય નથી. દત્તજયંતીને દિવસે તેમનો વધારેમાં વધારે નામજપ અને ઉપાસના કરવાથી તેમના તત્ત્વનો લાભ વધારે મળે છે. પૂર્વજોની અતૃપ્તિને કારણે થતાં ત્રાસ સામે રક્ષણ થવા માટે દત્તાત્રેય ભગવાનનો નામજપ આવશ્યક છે. વર્તમાન કાળમાં મોટાભાગની વ્યક્તિઓ સાધના કરતી નથી. આવી વ્યક્તિઓની કામનાઓ, વાસનાઓ (ઉદા. કુટુંબની વ્યક્તિને મદ્યપાન-સિગારેટનું વ્યસન હોવું), એ મૃત્યુ પછી પણ અતૃપ્ત જ હોય છે. હમણાંના સમયમાં મોટાભાગના લોકો પૂર્વજો માટે શ્રાદ્ધ-પિંડદાન પણ નિયમિતરૂપે આપતા નથી. તેને કારણે પૂર્વજોની અતૃપ્તિથી તેમના કુટુંબીજનો ને ત્રાસ થાય છે. આ ત્રાસનું નિવારણ કરવા માટે, તેમ જ ભવિષ્યમાં પણ તે ન થાય એ માટે ઉપાય તરીકે ત્રાસની તીવ્રતા અનુસાર ‘ૐ ગુરુદેવ દત્ત’નો જપ દરરોજ ઓછામાં ઓછો ૧ કલાક (૧૨ માળા) અને અધિકમાં અધિક ૬ કલાક (૭૨ માળા) કરવાથી આ ત્રાસ સામે રક્ષણ થાય છે.

# ભરૂચ ક્રાઇમ બ્રાન્ચે બાતમીના આધરે ઈન્દોર ખાતે વોચ ગોઠવી આરોપી અખીલેશ દિવાકરની ધરપકડ કરી

• ભરૂચ

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ની ટીમે પોતાની સતર્કતા અને બાતમીદારોના નેટવર્કના આધારે દહેજ પોલીસ સ્ટેશનના મારામારીના ગુનામાં છેલ્લા સાડા ત્રણ વર્ષથી નાસતા ફરતા એક આરોપીને મધ્યપ્રદેશના ઈન્દોર ખાતેથી ઝડપી પાડ્યો છે.

ભરૂચ LCB ની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે દહેજ પોલીસ સ્ટેશનના વર્ષ ૨૦૨૨ ના મારામારીના ગુનામાં નાસતો ફરતો આરોપી અખીલેશ ગંગારામ દિવાકર (ઉ.વ. ૩૮) હાલ ઈન્દોર (મધ્યપ્રદેશ) શહેરમાં છુ પા યે લો છે. આ બાતમીના આધારે LCB ટીમ ને તાત્કાલિક ઈન્દોર ખાતે આરોપીની તપાસ અ ર્થે મોકલી આપવામાં આવી હતી.

તપાસમાં ગયેલ ટીમે ઈન્દોર શહેરમાં વોચ રાખી, ભૌગોલિક પરિસ્થિતિથી વાકેફ થઈ અને ખાનગી રા હે સ્થાનિક બાતમીદારોથી સચોટ





માહીતીએકત્રિતકરીહતી.લાંબીવોચબાદભરૂચ જિલ્લાની નાસતા ફરતા આરોપીઓની યાદીમાં સામેલ આ આરોપીને ઈન્દોરના ન્યુ શિયાગંજ વિસ્તાર માંથી ઝડપી પાડવામાં આવ્યો હતો.

પકડાયેલા આરોપી અખીલેશ દિવાકરની પૂછપરછ કરતા તેણે ગુનાની કબૂલાત કરી હતી.

# સોમવીર કદયાન VPL સીઝન 6 માં રાજપીપલા કિંગ્સ ના સહ-માલિક બન્યા



• રાજપીપલા, તા 3

વેલિયન્ટ પ્રીમિયર લીગ (VPL) માટે એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં, ઉદ્યોગસાહસિક સોમવીર કદયાન ને સીઝન 6 માટે રાજપીપલા ટીમના સહ-માલિક બન્યા છે. આ પ્રતિષ્ઠિત લીગ, જે તેની શરૂઆતથી જ ગુજરાતમાં મુખ્ય રહી છે, તેનો હેતુ સમગ્ર ભારતમાં ગ્રામીણ ક્રિકેટરોને સપોર્ટ આપી એક મંચ પ્રદાન કરવાનો છે.રાજપીપલા કિંગ્સ માટે એક નવો અધ્યાય-રાજપીપલા કિંગ્સ ટીમ VPL સીઝન 6 માં ભાગ લેનારી પાંચ ટીમોમાંથી એક હશે, અને સોમવીર કદયાન ની સહ-માલિક તરીકે ટીમમાં એક નવો દ્રષ્ટિકોણ લાવવાની અપેક્ષા છે. સહ-માલિક તરીકે, સોમવીર કદયાન ટીમની વ્યૂહરચના ઘડવામાં અને રાજપીપલા અને ગ્રામીણ ગુજરાતના ક્રિકેટરોના વિકાસને ટેકો આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

## ૮ વર્ષે સજાનો હિસાબ

# જેલમાંથી ભાગીને લગ્ન કરનાર ડબલ મર્ડરની આરોપી મહિલા અને હત્યાના આરોપીને SOG એ ઝડપ્યા

• વલસાડ

વલસાડ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (S.O.G.) ટીમે છેલ્લા આઠ વર્ષથી નાસતા ફરતા બે ચર્ચાસ્પદ આરોપીઓને હરિયાણાના પાનીપત ખાતેથી ઝડપી પાડ્યા છે. આ બંને કેદીઓ જેલમાંથી છૂટ્યા બાદ લગ્ન કરી એક નવો સંસાર શરૂ કરી ચૂક્યા હતા.

આ પકડાયેલા આરોપીઓમાં વલસાડ રૂ રલના ચર્ચાસ્પદ ડબલ મર્ડર કેસમાં આજીવન કેદની સજા પામેલ મહિલા કેદી કિન્નરી કોળીપટેલનો સમાવેશ થાય છે, જે તા. ૦૯/૧૦/૨૦૧૭ થી (લગભગ ૮ વર્ષથી) ફર્લો રજા જમ્પ કરી ફરાર હતી. બીજો આરોપી મોહંમદ રીયાઝ મન્સુરી સુરત શહેર લીંબાયતના હત્યાના ગુનામાં આજીવન કેદની સજા ભોગવતો હતો અને



તે પણ તા. ૨૮/૦૫/૨૦૧૮ થી પેરોલ રજા જમ્પ કરી ફરાર હતો.

એસ.ઓ.જી. ટીમે ટેકનિકલ એનાલિસિસ અને બાતમીદારોની મદદથી સ ચોટ માહિતી મેળવી કે આ બંને ફરાર કેદીઓએ લાજપોર જેલમાંથી છૂટ્યા બાદ લગ્ન કરી લીધા હતા અને હરિયાણાના પાનીપત ખાતે વિકાસ નગર વિસ્તારમાં સ્થાયી થઈ ગયા છે. તેઓ ત્યાં ‘અયાન એન્ટરપ્રાઈઝ‘ નામની કાર્પેટ-ચાદરનો હેન્ડલુમનો વેપાર ચલાવતા હતા.

સચોટ માહિતીના આધારે S.O.G. ની ટીમે તાત્કાલિક પાનીપત જઈને તેમની દુકાન પરથી બંને આરોપીઓને શોધી કાઢ્યા હતા. તેમની વિરુદ્ધ વલસાડ રૂરલ અને લીંબાયત પોલીસ સ્ટેશનમાં પ્રિઝન એક્ટ હેઠળ નોંધાયેલા ગુનાઓના કામે ધરપકડની કાર્યવાહી કરવામાં આવી છે અને તેઓને હવે લાજપોર મધ્યસ્થ જેલ ખાતે જેલ હસ્તગત કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# અંધારામાં ડૂબેલો SOU રોડ ડભોઈની શોભા બગાડતી બંધ સ્ટ્રીટ લાઈટો, અકસ્માતનો ભય

### ડભોઇ નગરપાલિકાની બેદરકારીનો ભોગ શિનોર ચોકડીથી જૂની આંબેડકર છાત્રાલય સુધીના મુખ્ય માર્ગ પર અડધો-અડધ લાઇટો બંધ, જનતામાં રોષ



• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ: વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' (SOU) તરફ જતો અને ડભોઇ શહેરની શોભા વધારતો મુખ્ય માર્ગ હાલ નગરપાલિકાની ઘોર બેદરકારીના કારણે અંધારપટમાં ડૂબી ગયો છે. શિનોર ચોકડીથી જૂની આંબેડકર છાત્રાલય સુધીના આ મહત્વપૂર્ણ રોડ પર રાત્રિના સમયે અડધી સ્ટ્રીટ લાઈટો સળગે છે, જ્યારે બાકીની અડધી લાઈટો બંધ હાલતમાં છે.અકસ્માતનો ભય અને વોકિંગ કરતા લોકોને મુશ્કેલીઆ માર્ગ માત્ર સ્ટેચ્યુ ઓફ યુનિટી જનારા પ્રવાસીઓ માટે જ નહીં, પરંતુ ડભોઈના સ્થાનિક નાગરિકો માટે પણ અવરજવરનો મુખ્ય રસ્તો છે.વાહનચાલકો મુશ્કેલીમાં: રોડ પરના ગાઢ અંધારાને કારણે અહીંથી પસાર થતા વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. રાત્રિના સમયે આ અંધારપટ અકસ્માતોનું મુખ્ય કારણ બની રહ્યો છે, જેના કારણે જીવનું જોખમ પણ વધ્યું છે.વોકિંગ કરનારા નિરાશ: હાલ શિયાળાની મોસમ હોવાથી અનેક લોકો આ રોડ પર વોકિંગ કરવા માટે આવતા હોય છે, પરંતુ લાઈટો બંધ હોવાથી અંધારાના ડરને કારણે લોકોએ વોકિંગ માટે આવવાનું પણ બંધ કરી દીધું છે.નગરપાલિકા આંખ આડા કાન કરે છેસ્થાનિકોના જણાવ્યા અનુસાર, ડભોઈ નગરપાલિકાની સ્પષ્ટ બેદરકારીના કારણે આ લાઈટો લાંબા સમયથી બંધ હાલતમાં છે. આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતા માર્ગની આવી સ્થિતિ હોવા છતાં તંત્ર દ્વારા કોઈપણ પગલાં લેવામાં આવતા નથી, જે એક ચિંતાનો વિષય છે. ડભોઈની શોભા વધારવાને બદલે આ અંધારપટ શહેરની છબીને ખરડી રહ્યો છે.વહેલી તકે લાઈટો ચાલુ કરવા માંગ સમગ્ર મામલે સ્થાનિક નાગરિકો અને વાહન ચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. તેમણે ડભોઈ નગરપાલિકા પાસે વહેલી તકે યુદ્ધના ધોરણે આ બંધ પડેલી સ્ટ્રીટ લાઈટો ચાલુ કરવાની માંગ કરી છે, જેથી SOU માર્ગ પર અવરજવર કરતા લોકોને રાહત મળે અને અકસ્માતનો ભય ટાળી શકાય.

**પરેશાની** — જો સમયસર સફાઈ નહી થાય તો ખેડૂતોને મોટું નુકસાન થશે

# ડભોઈ થરવાસા ચોકડી નર્મદા મેઈન કેનાલ જંગલી ઝાડી-ઝાંખરાના ભરડામાં ખેડૂતોને શિયાળુ પાકનું જોખમ

### 'અમે વારંવાર અધિકારીઓને જાણ કરી છે પરંતુ પરિણામ શૂન્ય : ખેડૂતોનો આર્તનાદ

• _ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ તાલુકાના થરવાસા ગામ પાસેથી પસાર થતી નર્મદાની મુખ્ય (મેઈન) કેનાલની હાલત અત્યંત દયનીય બની ગઈ છે. લાંબા સમયથી સફાઈ ન થવાના કારણે આ કેનાલ જંગલી ઝાડી-ઝાંખરા, વેલ અને વૉચ ઘાસના સામ્રાજ્યમાં ફેરવાઈ ગઈ છે. નર્મદા નિગમના અધિકારીઓની ઘોર નિષ્કાળજીના કારણે કેનાલમાં પાણીનો પ્રવાહ સંપૂર્ણપણે અટકી ગયો છે, જેનાથી નડા વસાહત અને નડા ગામથી આગળના ગામોના ખેડૂતોને શિયાળુ પાક લેવામાં મોટી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. પાણીનો પ્રવાહ અટક્યો, ખેડૂતો પરેશાન નર્મદા કેનાલની અંદર અને કિનારી પર મોટા પ્રમાણમાં ઘાસ અને ઝાંખરા ઉગી નીકળ્યા છે. કેનાલની મધ્યમાં ઊગી નીકળેલા વૉચ ઘાસ અને જંગલી વનસ્પતિને કારણે પાણી આગળ જઈ શકતું નથી. આ મુખ્ય કેનાલનું પાણી ઘણા ગામોના ખેતરો સુધી પહોંચે છે, પરંતુ હાલ પ્રવાહ અટકી જતાં ખેડૂતોને સિંચાઈ માટે પાણી મળી રહ્યું નથી.શિયાળુ પાકનું જોખમ: સિંચાઈના પાણી વગર ખેડૂતોને પોતાનો શિયાળુ પાક ગુમાવવો પડે તેવી ભીતિ છે. કેનાલ તૂટવાનો ભય: કેનાલની આસપાસ ઊ ગી નીકળેલા જાડી-ઝાખરાના મૂળિયાં કેનાલની દીવાલોને નબળી પાડી રહ્યા છે, જેના કારણે કેનાલ તૂટવાની સંભાવના વધી ગઈ છે. અધિકારીઓની બેદરકારી: વારંવાર રજૂઆતો છ તાં સફાઈ નહીંખેડૂતોએ આ અંગે નર્મદા નિગમના સ્થાનિક અધિકારીઓને અનેક વખત લેખિત તથા મૌખિક રજૂઆતો કરી છે. જોકે, આ બેદરકાર અધિકારીઓના પેટનું પાણી હલતું નથી અને કેનાલની સફાઈની કામગીરી આજદિન સુધી શરૂ કરવામાં આવી નથી. 'અમે વારંવાર અધિકારીઓને જાણ કરી છે કે કેનાલમાં ઝાડી-ઝાકરા ઉગી ગયા છે અને પાણી આગળ જતું નથી, પણ કોઈ સાંભળતું નથી. જો શિયાળુ પાક માટે પાણી નહીં મળે તો ખેડૂતોની હાલત કફોડી બનશે અધિકારીઓ માત્ર ત્યારે જ સફાઈ કરે છે જ્યારે કોઈ મોટા નેતા કે ઉચ્ચ અધિકારી આ વિસ્તારમાંથી પસાર થવાના હોય, તે પણ માત્ર ઉપરછલ્લી સફાઈ જ થાય છે, ઊંડાણપૂર્વક સફાઈ થતી જ નથી. માત્ર VIP રૂટ પર જ સફાઈ, અંદરની સફાઈ માત્ર કાગળ પર ખેડૂતોમાં રોષ છે કે નર્મદા નિગમ અધિકારીઓ માત્ર VIP રૂટ પરની કેનાલોની સફાઈ કરીને પોતાની કામગીરી બતાવી દે છે. જ્યાં કોઈ નેતા કે વરિષ્ઠ અધિકારી પસાર ન થતા



હોય, તેવી આંતરિક અને મુખ્ય કેનાલોની સફાઈમાં બેદરકારી દાખવવામાં આવે છે. આ બેદરકારીનો ભોગ સીધોસાદો ખેડૂત બની રહ્યો છે. તંત્રને તાત્કાલિક પગલાં લેવાની માંગ ખેડૂતોની માંગ છે કે નર્મદા નિગમના ઉચ્ચ અધિકારીઓ આ મામલે ગંભીરતાથી નોંધ લે અને તાત્કાલિક ધોરણે થરવાસાથી આગળના વિસ્તારમાં જતી નર્મદાની મુખ્ય કેનાલની સઘન સફાઈ કરાવે. જો સમયસર સફાઈ નહીં થાય તો ખેડૂતોને મોટું નુકસાન થશે અને પાણીના અભાવે ખેડૂતો પાક શિયાળો પાક લઈ શકે નહીં

### જંગલી પ્રાણીઓનો ત્રાસ તેમના માટે 'બીજા દુઃખ' સમાન બન્યો

# ડભોઈ તાલુકામાં જંગલી ભૂંડોનો આતંક પાક બચાવવા ખેડૂતો સાડી અને તારની વાડનો સહારો

**કાયમી સમસ્યા** — સરકાર નક્કર પગલાં લે તેવી માંગ ખેડૂતો દ્વારા કરવામાં આવી રહી છે

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ તાલુકાના ખેડૂતો હાલમાં જંગલી ભૂંડોના વધતા જતા ત્રાસથી ત્રસ્ત છે. શીરોલા ગામ સહિત અન્ય ગામોના ખેતરોમાં ભૂંડોનો ઉપદ્રવ એટલો વધી ગયો છે કે ખેડૂતોને પોતાના તૈયાર પાકને બચાવવા માટે અવનવા અને ખર્ચાળ ઉપાયો કરવા પડી રહ્યા છે. એક તરફ કમોસમી વરસાદના મારથી ખેડૂતો પાયમાલ થયા છે, ત્યાં હવે આ જંગલી પ્રાણીઓનો ત્રાસ તેમના માટે 'બીજા દુઃખ' સમાન બન્યો છે.જૂની સાડીઓની 'બાઉન્ડ્રી' દેશી જુગાડથી પાક સુરક્ષા શીરોલા ગામના ખેડૂતોએ જંગલી ભૂંડોથી બચવા માટે એક અનોખો અને દેશી ઉપાય અપનાવ્યો છે. તેઓ બજારમાંથી જૂની સાડીઓ લાવીને તેને પોતાના ખેતરની ફરતે



બાઉન્ડ્રી તરીકે બાંધી રહ્યા છે.આ યુક્તિ પાછળનો હેતુ: ખેતરમાં લગભગ 200 જેટલી સાડીઓ બાંધવામાં આવી છે. આ સાડીઓ હવામાં ઉડે અને હલે ત્યારે ભૂંડ તેને જોઈને કે તેનો અવાજ સાંભળીને ગભરાઈને નાસી જાય છે. આ કામચલાઉ ઉપાય કરીને ખેડૂતો મહેનતથી ઉગાડેલો પાક બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. વધારાનો ખર્ચ ખેડૂતોને પોસાય તેમ નથી કેટલાક ખેડૂતો પોતાના પાકને બચાવવા માટે તારની વાડ પણ કરી રહ્યા છે. જોકે, આ બંને ઉપાયો - સાડીઓનો ખર્ચ હોય કે તારની વાડ બનાવવાનો - ખેડૂતોને માથે વધારાનો આર્થિક બોજ લાદે છે.ડભોઈ તાલુકાના અન્ય ગામોમાં પણ જંગલી ભૂંડોનો ત્રાસ વધતા ખેડૂતો તાહિમામ પોકારી" ઉઠ્યા છે. ખેડૂતોનું કહેવું છે કે એક તરફ કુદરતી આપત્તિઓ અને બીજી તરફ આ જંગલી પ્રાણીઓનો ત્રાસ તેમને પાયમાલ કરી રહ્યો છે. આ પરિસ્થિતિને જોતા, ડભોઈ તાલુકાના ખેડૂતોએ ગુજરાત સરકાર સમક્ષ તાત્કાલિક અને નક્કર પગલાં લેવાની માંગ કરી છે.ભૂંડોના ત્રાસનો કાયમી ઉકેલ: સરકારે વન વિભાગ દ્વારા કોઈ એવી યોજના અમલમાં મૂકવી જોઈએ, જેનાથી જંગલી ભૂંડો ખેતરોમાં આવીને પાકને નુકસાન ન પહોંચાડે.ખર્ચાળ ઉપાયોમાંથી મુક્તિ: જો સરકાર આ બાબતે કોઈ વ્યવસ્થિત આયોજન કરે, તો ખેડૂતોને પાક બચાવવા માટે સાડીઓ કે તાર જેવો ખોટો અને વધારાનો ખર્ચ કરવો ન પડે.ખેડૂતોની લાગણી છે કે રાજ્ય સરકાર તેમની આ મુશ્કેલીને ગંભીરતાથી લઈને વહેલી તકે કોઈ અસરકારક નીતિ બનાવે, જેથી તેઓ શાંતિથી ખેતી કરી શકે.

# ગાંધીનગરમાં રોયલ્ટીપાસ વગર રેતીની હેરાફેરી કરતાઉ ડમ્પર રોડ પરથી પકડાયા

### દહેગામ, લીબડીયા અને છત્રાલથી ડમ્પર સહિત ૧.૦૫ કરોડનો મુદ્દામાલ જપ્ત

• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લામાં બિનકાયદેસર ખનિજ ખનન અને વાહનવ્યવહાર પર અંકુશ લગાવવા ભુસ્તર તંત્ર દ્વારા નદીના પટમાં દરોડા પાડવાની ઉપરાંત હાઈવે માર્ગ ઉપર રોયલ્ટી પાસ વગર કે ઓવરલોડેડ ખનીજની ગેરયાદે હેરાફેરી કરતા તત્વો સામે પણ લાલ આંખ કરી છે. જે અંતર્ગત રોયલ્ટી પાસ વગર કે ઓવરલોડ ખનિજ લઈ જતાં ત્રણ ડમ્પરો પકડી પાડવામાં આવ્યા છે, જેની કુલ કિંમત આશરે ૧.૦૫ કરોડ રૂપિયા છે. ગાંધીનગરમાં રેતી સહિત ખનીજનું ગેરકાયદે ખનન અને વહન કરતા તત્વો સામે કડક પલગા ભરવા માટે જિલ્લા કલેક્ટર મેહુલ દવે દ્વારા આદેશ આપવામાં આવ્યા છે. જેના પગલે ભુસ્તરશાસ્ત્રી પ્રણવસિંહ દ્વાસ્ક્ષેત્રિય ટીમોને કામે લગાડી છે. જેમાં દહેગામ, લીંબડીયા અને





છત્રાલ વિસ્તારમાં ચાલુ ચેકિંગ દરમિયાન ભૂસ્તર વિભાગની ક્ષેત્રીય ટીમે બે ડમ્પર રોયલ્ટી પાસ વગર અને એક ડમ્પર મંજૂર કરતાં વધુ ઓવરલોડ સાદી રેતી લઈ જતાં પકડી પાડયા. આ ત્રણેય વાહનોનો સંપૂર્ણ મુદ્દામાલ જપ્ત કરી કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. છેલ્લા એક અઠવાડિયામાં કલોલ, વલાદ, લવારપુર, ટીટોડા, જાસપુર, શેરથા, અડાલજ, ધેંધુ, નારદીપુર, નાસ્મેદ અને ગાંધીનગર તાલુકાના વિવિધ વિસ્તારોમાં ખાસ ઝુંબેશ ચલાવી ગુજરાત મિનરલ નિયમોહેઠળ કુલ ૫.૫૮ લાખ રૂપિયાની દંડકીય રકમની વસૂલાત કરવામાં આવી છે.ભૂમાફિયાઓ અને પર્યાવરણને નુકસાન પહોંચાડતી આ પ્રવૃત્તિઓ સામે જિલ્લા વહીવટીતંત્રનો ઝીરો ટોલરન્સ સાથે કામ કરવા માંગી રહ્યું છે ત્યારે આવનારા દિવસોમાં પણ આવા અભિયાનો વધુ તીવ્ર બનશે.આ કાર્યવાહીથી જિલ્લામાં ખનિજ માફિયાઓમાં દહેશત ફેલાઈ છે અને સરકારી મહેસૂલમાં પણ વધારો થઈ રહ્યો છે.

# યુવક અને વૃદ્ધને છેતરીને સાયબર ગઠિયાઓએ શેરબજારમાં રોકાણ કરાવી 26 લાખ પડાવ્યા

### અમદાવાદમાં રોકાણના નામે છેતરપિંડીના બે બનાવ

• અમદાવાદ

અમદાવાદમાં શેરબજારમાં રોકાણના નામે એક યુવક અને એક વૃદ્ધ સાથે શેરબજારમાં રોકાણના નામે લાખો રૂપિયાની છેતરપિંડી થઈ છે. વૃદ્ધને સાયબર ગઠિયાઓએ શેર માર્કેટમાં રોકાણ કરાવી 13.18 લાખ પડાવ્યા છે જ્યારે યુવકને શેરબજારમાં રોકાણ કરવાનું કહીને 13.75 લાખ પડાવ્યા છે. આમ બંને મામલે સાયબર ક્રાઈમે ગુનો નોધી તપાસ શરૂ કરી છે. અમદાવાદના પાલડીમાં રહેતો ધૈર્ય વોરા નામનો 22 વર્ષનો યુવક ખાનગી કંપની કરે છે. ધૈર્યને અજાણ્યા વ્યક્તિઓએ વોટ્સએપ ગ્રુપમાં એડ કરીને રોકાણ કરવાની સલાહ આપવામાં આવી હતી.જે બાદ ધૈર્યને એપ્લિકેશન પણ ડાઉનલોડ કરાવી હતી. એપ્લિકેશનમાં ધૈર્યની વિગતો અપલોડ કરાવી હતી.જે બાદ જુદા જુદા એકાઉન્ટમાં પૈસા નાખવા હતા અને મોટો ફાયદો બતાવ્યો હતો.ધીરે ધીરે ધૈર્ય પાસેથી 13.75 લાખ પડાવીને પરત આપ્યા ન્હોતા.આ અંગે ધૈર્યએ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે. બીજી તરફ સોલામાં રહેતા 68 વર્ષીય મહેન્દ્ર પટેલ PWD માંથી નિવૃત થયા છે.મહેન્દ્રભાઈને અજાણ્યા વ્યક્તિઓએ સંપર્ક કરીને શેર બજારમાં રોકાણ કરવાનું કહી વોટ્સએપ ગ્રુપમાં એડ કર્યા હતા જે બાદ એપ્લીકેશન ડાઉનલોડ કરાવી હતી. એપ્લોલેશ શરૂઆતમાં રોકાણ પર સારો નફો બતાવી સેબી અને રિલાયન્સના નામે બનાવતી દસ્તાવેજો મોકલીને વિશ્વાસ અપાવ્યો હતો. જે બાદ શેર માર્કેટમાં રોકાણના બહાને મહેન્દ્રભાઈ પાસેથી ટુકડે ટુકડે 13.18 લાખ ભરાવ્યા હતા.આ રકમ સામે સારો નફો બતાવ્યો હતો પરંતુ રકમ કે નફો આપ્યો નહતો જેથી મહેન્દ્રભાઈએ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

# અમદાવાદ : ઘી કાંટામાં ગોડાઉનમાંથી 3.74 લાખના શર્ટ ચોરી

• અમદાવાદ

અમદાવાદના ઘી કાંટામાં આવેલા ગારમેન્ટ બજારમાં હોલસેલ શર્ટની દુકાનમાં કામ કરતો કારીગર જ ગોડાઉનમાંથી શેઠની જાણ બહાર 1496 ચોરી કરીને લઈ ગયો હતો.આ અંગે શેઠને બીજા વેપારી મારફતે જાણ થતા તપાસ કરી હતી. ત્યારે સીસીટીવીમાં કારીગર જ શર્ટ ભરેલું કાર્ટુન લઈ જતો દેખાયો હતો. આ અંગે શેઠે કારીગર વિરુદ્ધ કારંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ઘોડાસરમાં રહેતા હિતેશ પટેલ ઘી કાંટા ખાતે આવેલા કર્ણાવતી પ્લેટિનિયમમાં હોલસેલ શર્ટની દુકાન ધરાવે છે.26 નવેમ્બરના રોજ તેમના વેપારી મિત્ર રાજેન્દ્રસિંહનો તેમના પર ફોન આવ્યો હતો અને જણાવ્યું હતું કે તમારા ગોડાઉનમાંથી તમારા ત્યાં નોકરી કરતો રોહિત શર્ટના માલ ભરેલું કાર્ટુન લઈને જતો હતો. જેથી હિતેશભાઈએ ગોડાઉન જઈને કેમેરા ચેક કર્યા હતા ત્યારે સવારે 9 વાગ્યાની આસપાસ ડુપ્લીકેટ ચાવીથી રોહિત ગોડાઉનની અંદર રાખેલા માલ બહાર લઈ જતો હતો. જ્યારે તેમને સ્ટોક ચેક કર્યો ત્યારે 1496 શર્ટ ઓછા હતા. સીસીટીવી ફૂટેજમાં રોહિત જ શર્ટના માલ ભરેલા કાર્ટુન લઈ જતા દેખાઈ રહ્યો હતો.રોહિતે કુલ 3.74 લાખ રૂપિયાના શર્ટની ચોરી કરી હતી. આ અંગે હિતેશભાઈએ રોહિત વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

### નકલી માફીનામું અપલોડ થયું, પિતાએ કરી ફરિયાદ

# ગાંધીનગરના KBC ફેમ બાળકનું બોગસ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ બન્યું

• ગાંધીનગર

અમિતાભ બચ્ચન હોસ્ટ કરેલા પ્રખ્યાત ટીવી શો કોન બનેગા કરોડપતિ (KBC) માં ભાગ લેનાર ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં રહેતા 10 વર્ષીય બાળકને તેના ઓવર કોન્ફિડન્સના કારણે સોશિયલ મીડિયા પર ટ્રોલિંગનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ હવે આ વિવાદ એક ગંભીર સાયબર ક્રાઈમમાં ફેરવાયો છે. બાળકના નામે સોશિયલ મીડિયામાં ફેક એકાઉન્ટ બનાવીને નકલી માફીનામુ અપલોડ કરવામાં આવતાં ઈન્ફોસિટી પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.ગાંધીનગરની ગિફ્ટ



સિટી ખાતેની સ્કૂલમાં અભ્યાસ કરતા ઈશિતે ગત સપ્ટેમ્બર 2025માં KBCની સિઝન-17, એપિસોડ 44માં ભાગ લીધો હતો. આ એપિસોડમાં તેણે હોટ સીટ પર જે રીતે ઝડપી અને ઓવર કોન્ફિડન્સ સાથે જવાબ આપ્યા તેની નોંધ ખુદ અમિતાભ બચ્ચને પણ લીધી હતી. જોકે પાંચમા પ્રશ્નનો ખોટો જવાબ આપતા તે ડિસ્કવોલિફાઈડ થયો અને તેના વર્તન અંગે સોશિયલ મીડિયામાં તે ખૂબ જ ટ્રોલ થયો હતો.આ બનાવ બાદ તારીખ 19 ઓક્ટોબર 2025ના રોજ ઈશિતના પિતાને જાણ થઈ કે કોઈ અજાણ્યા શખ્સે તેમના પુત્રના નામે ઈન્સ્ટાગ્રામ પર એક બનાવટી એકાઉન્ટ બનાવ્યું છે. આ એકાઉન્ટ પર બાળકના KBCમાંના વર્તન બદલ માફી માંગતું એક ખોટું માફીનામું પણ અપલોડ કરવામાં આવ્યું હતું, જે સોશિયલ મીડિયામાં ઝડપથી વાયરલ થયું.

# અંકલેશ્વર પોલીસે માંડવા ગામેથી ઝડપાયેલા દારૂના કેસમાં ફરાર ૨ આરોપી ૩ મહિને ઝડપ્યા

### ૩.૭૫ લાખના દારૂ પ્રકરણમાં કાર્યવાહી કરી

• અંકલેશ્વર

અંકલેશ્વર પોલીસે માંડવા ગામેથી વિદેશી દારૂના જથ્થા સાથે ઈનોવા કાર ઝડપાઈ હતી તે પ્રકરણમાં છેલ્લા ત્રણ મહિનાથી નાસતા ફરતા બે મુખ્ય આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ ગુનો ગત ૨૧મી સપ્ટેમ્બરના રોજ નોંધાયો હતો, જ્યારે ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) પોલીસે અંકલેશ્વર તાલુકાના માંડવા ગામેથી દારૂની હેરાફેરી કરતા રીંકુ રામુ વસાવા નામના ઈસમને પકડ્યો હતો. પોલીસે તેની પાસેથી દારૂની બોટલો, મોબાઈલ ફોન અને ઈનોવા કાર સહિત કુલ ૩.૭૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

તત્કાલિન કાર્યવાહીમાં પોલીસે દારૂનો જથ્થો ભરી આપનાર અન્ય બે ઈસમોને વોન્ટેડ જાહેર કર્યા હતા. લાંબા સમયની શોધખોળ બાદ અંકલેશ્વર પોલીસે ઝઘડિયા તાલુકાના નાના



સાંજા ગામના અલ્પેશ વસાવા અને ઠાકોર વસાવા નામના આ ફરાર આરોપીઓને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.ત્રણ મહિનાથી પોલીસ પકડથી દૂર રહેલા આ બંને આરોપીઓની ધરપકડથી આ કેસમાં વધુ તપાસ આગળ વધી છે.

## તિજોરી તોડતી ગેંગ સક્રિયઃ અંકલેશ્વરમાં એકાઉન્ટ મેનેજરના ઘરમાંથી ૧.૫૨ લાખના સોના-ચાંદીના દાગીનાની ચોરી

• અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના અંદાડા ગામના ખોડિયાર નગર વિસ્તારમાં એક બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવીને ૧.૫૨ લાખના સોના-ચાંદીના ઘરેણાં અને રોકડ રકમની ચોરી કરી હોવાનો બનાવ સામે આવ્યો છે.

ખાનગી કંપનીમાં એકાઉન્ટ મેનેજર તરીકે ફરજ બજાવતા આ શુતોષ પાંડે, જે મકાન નંબર A/38 માં રહે છે, તેઓ અમદાવાદ ખાતે બહેનના ઘરે ગયા હતા. તે ની ગેરહાજરીનો લાભ ઉઠાવી તસ્કરોએ મકાનના દરવાજાની કુંડી તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો.

ચોરોએ ઘરમાં રહેલી તિજોરી તોડી તેમાંથી ૨,૦૦૦ રો કડા અને ૧.૫૦ લાખના સોના-ચાંદીના દાગીના, જેમાં સોનાનું મંગળસૂત્ર અને ચાંદીના ઘરેણાંનો સમાવેશ થાય છે, તેની ચોરી કરી હતી. આમ, કુલ ૧,૫૨,૦૦૦/- ના મુદ્દામાલની ચોરી થઈ છે.

આશુતોષ પાંડે પરત ફર્યા ત્યારે પાડોશીઓ દ્વારા તેમને ચોરીની જાણ કરવામાં આવી હતી. તેમણે તાત્કાલિક અંકલેશ્વર બી ડિવિઝન પોલીસને જાણ કરી હતી. પોલીસે આશુતોષ પાંડેની ફરિયાદના આધારે ગુનો નોંધી, ફરાર તસ્કરોને પકડવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

### શૈક્ષણિક લાયકાત ધરાવતી વિવિધ કેડરો માટે સંયુક્ત પ્રિલિમ્સ તથા વિષયવાર મેઈન્સ પરીક્ષા

# યુવાનોને ઝડપી રોજગારી માટે GARCનો છઠ્ઠો ઐતિહાસિક અહેવાલ મુખ્યમંત્રીએ સ્વીકાર્યો

### પીએમ મોદીએ ડેમોગ્રાફિક ડિવિડન્ડ સમાન યુવાઓને યોગ્ય તકો અને રોજગાર અવસરો આપી

• ગાંધીનગર

પીએમ મોદીએ ડેમોગ્રાફિક ડિવિડન્ડ સમાન યુવાઓને યોગ્ય તકો અને રોજગાર અવસરો આપીને તેમની અસીમશક્તિને વિકસિત રાષ્ટ્ર - વિકસિત રાજ્યના નિર્માણમાં જોડવાના આપેલા વિચારને રાજ્યમાં સાકાર કરવાનો અભિગમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અપનાવ્યો છે.આ હેતુસર તેમણે રાજ્ય સરકારના વહીવટી માળખા અને કાર્ય પદ્ધતિમાં જરૂરી ફેરફારો માટે મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર ડૉ. હસમુખ અઢિયાની અધ્યક્ષતામાં ગુજરાત વહીવટી સુધારણા પંચ GARCની રચના કરી છે. આ વહીવટી સુધારણા પંચ-GARCનો છઠ્ઠો ભલામણ અહેવાલ પંચના અધ્યક્ષ ડૉ. હસમુખ અઢિયાએ બુધવારે ગાંધીનગરમાં સુપ્રત કર્યો હતો. જેમાં મહત્વની 9 ભલામણ કરવામાં આવી છે.મુખ્યમંત્રીને બુધવારે સુપ્રત કરવામાં આવેલા છઠ્ઠા અહેવાલમાં રાજ્યમાં ભરતી પ્રક્રિયાને વધુ ઝડપી, પારદર્શી, ટેકનોલોજી યુક્ત અને યુવા કેન્દ્રિત બનાવવાની નવ જેટલી ભલામણો કરવામાં આવેલી છે.GARCના આ છઠ્ઠા અહેવાલમાં જે મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા છે તે નીચે મુજબ છે.1. ભરતી પ્રક્રીયા પૂરી કરવા માટેની નિશ્ચિત ટાઈમલાઈનજે ભરતી પ્રક્રિયામાં ત્રણ સ્ટેજ હોય તે 9 થી 12 મહિનામાં અને જેમાં બે સ્ટેજ હોય તે પ્રક્રિયા 6 થી 9 મહિનામાં પૂરી કરવાની તથા ભવિષ્યમાં આ સમયગાળાથી પણ ઓછા સમયમાં ભરતી પ્રક્રિયા પૂરી થાય તે મુજબની ભલામણ કરવામાં આવી છે.2. સંયુક્ત ભરતી અને કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET)સમાન શૈક્ષણિક લાયકાત ધરાવતી વિવિધ કેડરો માટે સંયુક્ત પ્રિલિમ્સ તથા વિષયવાર મેઈન્સ પરીક્ષા યોજીને ભરતી પ્રક્રિયામાં એકરૂપતા લાવવા અને તેનાથી સમાન પ્રકારની કેડર માટે અલગ-અલગ પરીક્ષા પાછળ થતા વહીવટી અને નાણાંકીય ખર્ચમાં ઘણો ઘટાડો કરીને ભરતી પ્રક્રિયા ઝડપથી પૂર્ણ થઈ શકે તેમ અહેવાલમાં સૂચવવામાં આવ્યું છે.3. દર વર્ષે બે નિશ્ચિત રિક્વિઝિશન વિન્ડોદર વર્ષે બે નિશ્ચિત રિક્વિઝિશન વિન્ડો નક્કી કરીને તમામ વિભાગો દ્વારા ઓનલાઈન માંગણાપત્રક સબમિટ કરવાની વ્યવસ્થા સાથે ભરતી નિયમો, પરીક્ષા નિયમો તેમજ ટ્રેનિંગ નિયમો માટે એક કેન્દ્રિય સેલની રચના કરવાની ભલામણ કરવામાં આવી છે. આના પરિણામે, ભરતી પ્રક્રીયા માટે જરૂરી નિયમો ખૂબ ઝડપથી આખરી થઈ શકશે અને ભરતી પ્રક્રિયા ઝડપી બનશે તેમ આ છઠ્ઠા ભલામણ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે.4. સંપૂર્ણ ડિજિટલ ડોક્યુમેન્ટ વેરિફિકેશન (IASS)હાલ થતી મેન્યુઅલ ચકાસણીને બદલે સંપૂર્ણપણે ડિજિટલ દસ્તાવેજ ચકાસણી તથા ડિજી-લોકરની જેમ જ API-લિંક્ડ ડેટાબેઝ અને યુનિક ઉમેદવાર ડોક્યુમેન્ટ રજિસ્ટ્રીની રચનાથી ભરતી કરતી સંસ્થા અને સરકારી વિભાગો વચ્ચે ઉમેદવારોના દસ્તાવેજો સરળતાથી મોકલી શકાશે અને ડોક્યુમેન્ટ વેરિફિકેશન પણ ખૂબ અસરકારક બનશે તેમ આ અહેવાલમાં સૂચવવામાં આવ્યુ છે.5. કેન્ડિડેટ ફ્રેન્ડલી - એન્ડ ટુ એન્ડ ડેશબોર્ડઉમેદવાર આધારિત યુનિક ID પર એન્ડ ટુ એન્ડ ડેશબોર્ડ, જેમાં અરજીથી લઈને નિમણૂક સુધીની સંપૂર્ણ પ્રક્રિયા ટ્રૅક કરી શકાય તેવી વ્યવસ્થા સાથે જિલ્લાવાર પોસ્ટિંગ માટે ડિજિટલ માધ્યમથી જિલ્લા પસંદગીની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે તેવી ભલામણ પણ GARCના આ અહેવાલમાં થઈ છે.6. રિક્વિઝિશનથી નિમણૂક સુધી સંપૂર્ણ ડિજિટલ વર્કફ્લોએકીકૃત ડિજિટલ પોર્ટલ દ્વારા તમામ સ્ટેકહોલ્ડર્સ (વિભાગો-એજન્સીઓ-ઉમેદવારો) વચ્ચે માહિતીની આપ-લે શક્ય બનશે અને ઉમેદવારોએ એક જ પ્રકારના દસ્તાવેજો વારેઘડિયે અલગ અલગ ભરતી સંસ્થાઓ સમક્ષ રજૂ કરવાની જરૂરિયાત ન રહે તેવી વ્યવસ્થાથી ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસના અભિગમ સાથે એકરૂપતાની ભલામણ કરવામાં આવેલી છે.7. ભરતી એજન્સીઓની ક્ષમતામાં વધારો અને પુનર્ગઠનઆરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળની વિવિધ તબીબી તજજ્ઞોની ભરતી માટે નવા મેડિકલ સર્વિસીસ રિક્રુટમેન્ટ બોર્ડ (MSRB)ની રચના કરવાની તેમજ GSSSB, GPSSB અને GPRBને ગુજરાત જાહેર સેવા આયોગની સમકક્ષ જરૂરી વહીવટી અને આર્થિક સ્વાયત્તતા આપવાની ભલામણ આ અહેવાલમાં થઈ છે.8. Computer-Based પરીક્ષાઓનો વ્યાપક ઉપયોગરાજ્યમાં શક્ય તેટલી પરીક્ષાઓ કમ્પ્યુટર આધારિત (Computer Based) લેવામાં આવે અને આવી પરીક્ષાની અસરકારક દેખરેખ માટે દરેક ભરતી એજન્સીમાં એક અલગ એક્ઝામ મોનિટરીંગ યુનિટ (EMU) ની સ્થાપના કરવામાં આવે તેવુ પણ સૂચવવામાં આવેલું છે.9. 10 વર્ષનું ભરતી કેલેન્ડરદરેક વિભાગ માટે ભવિષ્યની જરૂરિયાતો આધારિત 10 વર્ષના ભરતી કેલેન્ડરની સમીક્ષા હાથ ધરીને ખૂબ જ અગત્યતી ઈમરજન્સી સર્વિસ તેમજ ક્રિટિકલ કેડરની ઓળખ કરીને શક્ય તેટલી ઝડપથી ભરતી કરવાની ભલામણ GARCએ કરી છે.

### વન્યપ્રાણી અને માનવ વચ્ચેના ઘર્ષણ નિવારવા અંગેના વિવિધ ઉપાયો સતત વિચારાધીન હોય છે

# રાજ્યમાં ૨૦૦૧ માં ૩૨૭ની સામે વર્ષ-૨૦૨૫માં સિંહની સંખ્યા વધીને ૮૯૧ નોંધાઈ

**અહેસાસ** | વન્ય પ્રાણીઓના સંવર્ધન અને સંરક્ષણ માટે ગુજરાત હંમેશા સુરક્ષિત રાજ્ય

વન્ય પ્રાણીઓના સંવર્ધન અને સંરક્ષણ માટે ગુજરાત હંમેશા સુરક્ષિત રાજ્ય રહ્યું છે. કુદરતી વનરાજી, ઈકોસિસ્ટમ, લુપ્તપ્રાય વનસ્પતિ, પ્રાણીસૃષ્ટિને બચાવવા અને પર્યાવરણનું જતન કરવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી તેમણે કડક કાયદાઓ, નિયમો અને યોજનાઓ અમલમાં મૂકી છે. જેને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સુપેરે આગળ ધપાવી રહ્યા છે. જેના ફળરૂપે ગુજરાત છેલ્લા દોઢ દાયકાથી પ્રાણીઓ - યાયાવર પક્ષીઓ માટે ગુજરાત વધુ સુરક્ષિત બન્યું છે. છેલ્લી વન્યજીવ વસ્તી અંદાજ-ગણતરી મુજબ વર્ષ ૨૦૨૩માં રાજ્યમાં સિંહ, મોર, નીલગાય, વાંદરા, કાળીયાર, દિપડા, સાંભર, ચિંકારા સહિત અંદાજે ૨૧ પ્રજાતિઓની અંદાજિત ૯.૫૩ લાખથી વધુ વસ્તી નોંધાઈ છે, જે ગુજરાતીઓ માટે ગૌરવ સમાન છે. નોંધનીય છે કે, દર વર્ષે ૦૪ ડિસેમ્બરે ગુજરાત અને ભારત સહિત સમગ્ર વિશ્વમાં 'વિશ્વ વન્યજીવ સંરક્ષણ દિવસ' તરીકે ઉજવાય છે. આ દિવસે લુપ્ત થતા વન્યજીવો અને પક્ષીઓને બચાવવા નાગરિકો જાગૃત્ત થાય તે માટે દેશમાં વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. 'એશિયાટિક સિંહ' એ ગુજરાત અને ભારતની શાન છે. ગુજરાતના એશિયાઈ સિંહ રાજ્યનું ઘરેણું છે ત્યારે તાજેતરમાં ગુજરાતના દાહોદમાં આવેલા રતનમહાલ અભયારણ્યમાં વાઘની ઉપસ્થિતિ નોંધાઈ છે જે રાજ્યની જીવ સંરક્ષણ વારસાની સમૃદ્ધિમાં વધારો કરે છે. હવે ભૌગોલિક પરિસ્થિતિ-આબોહવાની દ્રષ્ટિએ જ નહીં, પરંતુ વન્ય પ્રાણી સંરક્ષણના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકારના કાળજીભર્યા સાતત્યપૂર્ણ અભિગમથી જ સિંહનું સંખ્યાબળ ઉત્તરોત્તર વધ્યું છે.

એશિયાટિક સિંહોના સંરક્ષણ અને સંવર્ધન માટે રાજ્ય સરકારના માર્ગદર્શનમાં વ્યાપક અને પરિણામલક્ષી પગલા સતત લેવાઈ રહ્યા છે. જેના પરિણામ સ્વરૂપે ગુજરાતમાં વર્ષ ૨૦૦૧માં સિંહની સંખ્યા ૩૨૭, વર્ષ ૨૦૦૫માં ૩૫૯, વર્ષ ૨૦૧૦માં ૪૧૧, વર્ષ ૨૦૧૫માં ૫૨૩ અને વર્ષ ૨૦૨૦માં ૬૭૪ હતી તે હવે વર્ષ ૨૦૨૫માં વધીને ૮૯૧ થઈ છે. વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયા અને રાજ્ય મંત્રી પ્રવિણ માળીના માર્ગદર્શનમાં વન વિભાગ સહિત વિવિધ પ્રાણી-પક્ષી પ્રેમી સંસ્થાઓ દ્વારા પ્રાણી-પક્ષી સંવર્ધન અને સંરક્ષણની પરિણામલક્ષી કામગીરી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત રાજ્યના વિવિધ જળ પ્લાવિત વિસ્તાર, તળાવ, સરોવરોમાં વર્ષ ૨૦૨૪માં અંદાજે ૧૮ થી ૨૦ લાખ યાયાવર પક્ષીઓ નોંધાયા છે એટલે કે તેમના માટે ગુજરાત પહેલી પસંદગીનું રાજ્ય બન્યું છે. વર્ષ ૨૦૧૦માં થોળ પક્ષી અભયારણ્યમાં ૩૧,૩૮૦ પક્ષીઓનું આગમન થયું હતું જે વર્ષ ૨૦૨૪માં વધીને ૧.૧૧ લાખથી વધુ યાયાવર પક્ષીઓનું આગમન થયું છે. જ્યારે, નળ સરોવર પક્ષી અભયારણ્યમાં વર્ષ ૨૦૧૦માં ૧.૩૧ લાખથી વધુ યાયાવર પક્ષી નોંધાયા હતા જ્યારે વર્ષ ૨૦૨૪માં ૩.૬૨ લાખથી વધુ પક્ષીઓ નોંધાયા છે. છેલ્લા ૧૪ વર્ષમાં થોળ અને નળસરોવર પક્ષી અભયારણ્યમાં જળ પ્લાવિત વિસ્તારના યાયાવર પક્ષીઓનું અનુક્રમે ૩૫૫ અને ૨૭૬ ટકાનો વધારો નોંધાયો છે. જેના પરિણામે ગુજરાત 'પક્ષી જીવન' માટે 'સ્વર્ગ' તરીકે ઉભરી આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં છેલ્લી વર્ષ ૨૦૨૪માં યોજાયેલી ડોલ્ફિન ગણતરી મુજબ ૬૮૦ જેટલી ડોલ્ફિન તેમજ ૭,૬૭૨ જેટલા ઘુડખરની વસ્તી નોંધાઈ છે. જે સમગ્ર રાજ્ય માટે વન્યજીવ પ્રાણી સંરક્ષણ ક્ષેત્રે વિશેષ સિદ્ધિ છે. વન વિભાગની વન્યપ્રાણી શાખા દ્વારા રાજ્યના તમામ જિલ્લા સ્તરે ઉપસ્થિત થતા વન્યપ્રાણીઓ સંબંધિત મુશ્કેલીઓના નિવારણ અર્થે વન્યપ્રાણીઓના અવર જવર વાળા વિસ્તાર તેમજ સ્થાનિક લોકોના નિવાસના વિસ્તારોમાં વન્યપ્રાણી રેસ્ક્યુ રીલિઝ ઓપરેશન હાથ ધરવામાં આવે છે.

# જ્યારે દિલજીત, હનુમાનકાઈન્ડ અને શશવત મળ્યા "EZ-EZ" એ મચાવ્યો ધમાલ

### ધુરંધર મ્યુઝિક આલ્બમના શાનદાર લોન્ચ

• અમદાવાદ

ધુરંધર મ્યુઝિક આલ્બમના શાનદાર લોન્ચ બાદ, જ્યાં દર્શકોને "EZ-EZ" ની પ્રથમ ઝલક મળી હતી, મેકર્સે હવે સત્તાવાર રીતે વર્ષના સૌથી ધમાકેદાર સંગીત સહકારનું અનાવરણ કર્યું છે. વૈશ્વિક આઈકન દિલજીત દોસાંઝ, બ્રેકઆઉટ રેપ ફિનૉમ હનુમાનકાઈન્ડ અને નેશનલ એવોર્ડવિજેતામ્યુઝિકડિરેક્ટરશશવત સચદેવને એકસાથે લાવતું "EZ-EZ" આ સીઝનના સંગીતના અવાજને નવી વ્યાખ્યા આપવા તૈયાર છે. એક સોનિક પાવરહાઉસ તરીકે, આ ટ્રેક દિલજીતની અનોખી પંજાબી શૈલીને હનુમાનકાઈન્ડના તિક્ષ્ણ રેપ સાથે જોડે છે, જેને શશવત સચદેવના અદ્યતન પ્રોડક્શનથી વધુ ઊંચાઈ મળી છે. રાજ રણજોધ અને હનુમાનકાઈન્ડ દ્વારા લખાયેલા અસરકારક શબ્દો સાથે, "EZ-EZ" એક એડ્રેનાલિનથી ભરેલું ગીત છે જે આધુનિક ભારતીય સંગીતની સીમાઓને આગળ ધપાવે છે.



"EZ-EZ"નું મ્યુઝિક વિડિયો હવે સાગેગામા મ્યુઝિકના YouTube ચેનલ પર લાઈવ છે, અને તેનો ઑડિયો તમામ મુખ્ય પ્લેટફોર્મ્સ પર સ્ટ્રીમ થઈ રહ્યો છે–

દર્શકોને એક અવિસ્મરણીય દ્રશ્ય અને સંગીત અનુભવ આપવાનું વચન આપે છે. ધુરંધરમાં રણવીર સિંહના નેતૃત્વમાં એક શાનદાર કલાકારવર્ગ છે, જેમાં અક્ષય ખન્ના, સંજય દત્ત, આર. માધવન અને અર્જુન રામપાલનો સમાવેશ થાય છે. આ હાઈ-ઓક્ટેન એક્શન-થ્રિલરનું લેખન, દિગ્દર્શન અને નિર્માણ આદિત્ય ધરે કર્યું છે, અને તેનું નિર્માણ જ્યોતિ દેશપાંડે અને લોકેશ ધરે કર્યું છે. જિયો સ્ટુડિયોઝ દ્વારા રજૂ થયેલ અને B62 સ્ટુડિયોઝના પ્રોડક્શન તથા સાગેગામાના સહકારથી બનેલી આ ફિલ્મ 5 ડિસેમ્બર 2025ના રોજ સિનેમાઘરોમાં એક ધમાકેદાર સિનેમેટિક અનુભવ લાવવા માટે તૈયાર છે.

# ગાંધીનગર-ચિલોડા હાઈવેના સર્વિસ રોડ ઉપર આર્મી ટ્રકની પાછળ કોન્સટેબલની બાઈક ટકરાઈ જતાં માસુમ બાળકીનું મોત

• ગાંધીનગર

ગાંધીનગર-ચિલોડા હાઈવે જાનલેવા અકસ્માતો સર્જાવા માટે કુખ્યાત બની ચૂક્યો છે. તારીખ ૩૦મી નવેમ્બરની રાત્રે બીએસએફ કેમ્પસમાં રાઈઝીંગ ડેનો કાર્યક્રમ હોય કોન્સટેબલ તેની ૫ વર્ષની માસુમ બાળકીને તે દેખાડવા માટે લાવ્યો હતો. બાદમાં ઘરે જતી વખતે સવસ રોડ પર બંધ હાલતે પડેલી આર્મી ટ્રકની પાછળ તેનું બાઈક અથડાઈ પડતાં આગળ બેસાડેલી દિકરીનું કરૃણ મૃત્યુ થયુ હતો. જ્યારે કોન્સટેબલને ગંભીર ઈજા થઈ હતી. ચિલોડા પોલીસ મથકમાં આ બનાવ સંબંધે અસરગ્રસ્ત બનેલા લેકાવાડા સ્થિત બીએસએફના કોન્સટેબલ રોશન વિશ્વકર્મા ભીમ વિશ્વકર્મા નામના ૩૪ વષય યુવાન દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે. જ્યારે અકસ્માતના આ બનાવમાં તેની ૫ વષય દિકરી આદિત્રીનું મૃતયુ થયુ હતું. ફરિયાદમાં જણાવવામાં આવ્યા પ્રમાણે મોટા ચિલોડામાં રહેતા મુળ પશ્ચિમ બંગાળના વતની રોશન વિશ્વકર્મા બીએએસએફ કેમ્પસમાં કોન્સટેબલ તરીકે નોકરી કરતા હોય ગત તારીખ ૩૦મી નવેમ્બરે કેમ્પસમાં રાઈઝીંગ ડેની ઉજવણીનો કાર્યક્રમ હોવાથી તેની દિકરીને આ કાર્યક્રમ બતાવવા સાથે લઈને આવ્યો હતો. કાર્યક્રમ બાદ રાત્રે ૧૦ વાગ્યાના અરસામાં ઘરે પરત જવા નીકળ્યા ત્યારે દિકરીને આગળ બેસાડીને બાઈક પર જઈ રહ્યા હતાં. દરમિયાન સવસ રોડ આડશ મુક્યા વગર કે રિફલેક્ટર લગાડયા વગર પર બંધ હાલતમાં મુકી દેવામાં આવેલી આર્મીની ટ્રક પાછળ તેનું બાઈક અથડાઈ પડયુ હતું. પિતા-પુત્રીને આ અકસ્માતના પગલે ગંભીર ઈજા પહોંચી હતી. કોઈએ ૧૦૮ને ફોન કરીને એમ્બ્યુલન્સને બોલાવી સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડયા હતાં. જ્યાં દિકરીને તબિબો દ્વારા નિષ્પ્રાણ જાહેર કરવામાં આવી હતી.

## ૯ લાખના દારૂ કેસમાં છેલ્લા ૧૧ મહિનાથી નાસતો ફરતો ચિંતન વસાવા આખરે પકડાયો

• અંકલેશ્વર

અંકલેશ્વર ગ્રામ્ય પોલીસ મથક વિસ્તારમાં પ્રોહિબિશન એક્ટના ગંભીર ગુનામાં છેલ્લા અગિયાર મ હિનાથી વોન્ટેડ જાહેર થયેલા મુખ્ય બૂટલેગરની આખ રે ધરપકડ કરવામાં આવી છે. લાંબા સમયથી પોલી સને થાપ આપી રહેલા આરોપીને દબોચી લીધો છે.

આ કેસ ગત ૪ જાન્યુઆરી, ૨૦૨૫નો છે, જ્યારે ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ની ટીમે અંકલેશ્વરના તરિયા ગામ તરફ જતા નર્મદા નદીના કિનારેથી ઓચિંતી કાર્યવાહી દરમિયાન વિદે શી દારૂ ભરેલો એક ટેમ્પો ઝડપી પાડ્યો હતો. પોલીસે ટેમ્પામાંથી વિદેશી દારૂની કુલ ૪,૯૧૭ નંગ બોટલો જપ્ત કરી હતી, જેની કિંમત આશરે ૯ લાખ થવા જાય છે. દારૂ અને ૩ લાખની કિંમતના ટેમ્પો સહિત પોલીસે કુલ ૧૨.૫૩ લાખનો મુદ્દા મા લ કબ્જે કર્યો હતો.આ દારૂના જથ્થા સાથે સંકળાયેલા મુખ્ય આરોપી અને માટીએડ ગામના રહેવાસી ચિંતન અકન વસાવા અને ટેમ્પો ચાલકને પોલીસે તે સમયે વોન્ટેડ જાહેર કર્યા હતા. પોલીસ આ કેસમાં વોન્ટેડ આરોપીઓની સઘન શોધખોળ કરી ર હી હતી.આખરે, અંકલેશ્વર ગ્રામ્ય પોલીસે પ્રોહિબિશન એક્ટના આ ગુનામાં સંડોવાયેલા મુખ્ય વોન્ટેડ બૂટલેગર ચિંતન વસાવાની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ મામલે વધુ તપાસ ચાલુ છે.

### રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની વિશેષ પ્લેસમેન્ટ ડ્રાઈવમાં

# સરકારી કોલેજના ૨૨૫ ડિગ્રી એન્જિનિયરિંગ વિદ્યાર્થીઓની પસંદગી

• ગાંધીનગર

વિદ્યાર્થીઓને ટેકનિકલ શિક્ષણ પ્રાપ્ત કર્યા બાદ યોગ્ય રોજગારી પ્રાપ્ત થાય તે માટે રાજ્ય સરકાર હરહંમેશ પ્રયત્નશીલ રહી છે. ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજાના નેતૃત્વમાં રાજ્યના વિદ્યાર્થીઓને કૌશલ્ય અને લાયકાત અનુસાર રોજગારી આપવા શિક્ષણ વિભાગ પ્રતિબદ્ધ છે. રાજ્યની વિવિધ સરકારી ટેકનિકલ સંસ્થાઓમાંથી વર્ષ ૨૦૨૫માં અભ્યાસ પૂર્ણ કરનારા ડિગ્રી અને ડિપ્લોમા એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓને કૌશલ્ય અને લાયકાત મુજબ રોજગારીઆપવામાટેવિશેષપ્લેસમેન્ટડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. ડાયરેક્ટરેટ ઓફ ટેકનિકલ એજ્યુકેશન, ગાંધીનગર દ્વારા રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમીટેડ માટે એલ. ડી. કોલેજ ઓફ એન્જીનીયરીંગ, અમદાવાદ ખાતે તા.૦૧ થી ૦૪ ડિસેમ્બર દરમિયાન એક વિશેષ




પ્લેસમેન્ટ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. આ ડ્રાઈવમાં રાજ્યની ૪૭ જેટલી સરકારી ટેકનિકલ સંસ્થાઓમાંથી વર્ષ ૨૦૨૫માં અભ્યાસ પૂર્ણ કરનારા ડિગ્રી અને ડિપ્લોમા એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે. આ વિશેષ પ્લેસમેન્ટ ડ્રાઈવમાં ભાગ લેવા માટે રીલાયન્સના નિર્ધારિત પોર્ટલ પર આશરે ૩૮૦૦ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાંથી ઓનલાઈન ટેસ્ટ દ્વારા ડિગ્રી એન્જિનિયરિંગના ૬૦૮ વિદ્યાર્થીઓ અને ડિપ્લોમા એન્જિનિયરિંગના ૭૨૮ વિદ્યાર્થીઓને શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા હતા. આ પ્લેસમેન્ટ ડ્રાઈવમાં ઈન્ટરવ્યુ માટે ડીગ્રી એન્જિનિયરિંગના આશરે ૪૭૮ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

તેમાંથી ડીગ્રી એન્જિનિયરિંગના ૨૨૫ વિદ્યાર્થીઓ સિલેકટ થયા છે. તેમજ આ પ્લેસમેન્ટ ડ્રાઈવમાં ઈન્ટરવ્યુ માટે ડિપ્લોમા એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓની પ્રક્રિયા હાલ ચાલુ છે.

### સોનાનો વાયદો રૂ. 514 અને ચાંદીનો વાયદો રૂ. 436 વધ્યો

# એમસીએક્સ પર ક્રૂડ તેલના વાયદામાં રૂ.44ની વૃદ્ધિ: મેન્થા તેલમાં નરમાઈ: એલચીના વાયદામાં સુધારો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.30118.73 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.57656.9 કરોડનું ટર્નઓવર:સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 25310.67 કરોડનાં કામકાજ: બુલિયન ઇન્ડેક્સ બુલડેક્સ વાયદો 31317 પોઇન્ટના સ્તરે




મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.87779.2 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.30118.73 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.57656.9 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ડિસેમ્બર વાયદો 31317 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.1280.92 કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 25310.67 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.130550ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.130955 અને નીચામાં રૂ.130109ના સ્તરને સ્પર્શી, રૂ.129759ના આગલા બંધ સામે રૂ.514 વધી રૂ.130273 થયો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર વાયદો 8 ગ્રામદીઠ રૂ.390 વધી રૂ.104240ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ ડિસેમ્બર વાયદો 1 ગ્રામદીઠ રૂ.50 વધી રૂ.13065ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.495 વધી રૂ.129161ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન ડિસેમ્બર વાયદો 10 ગ્રામદીઠ રૂ.129299ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.129892 અને નીચામાં રૂ.129200ના મથાળે અથડાઈ, રૂ.128946ના આગલા બંધ સામે રૂ.420 વધી રૂ.129366ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.183799ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.184727 અને નીચામાં રૂ.180990ના મથાળે અથડાઈ, રૂ.181601ના આગલા બંધ સામે રૂ.436 વધી રૂ.182037 થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.638 વધી રૂ.182825ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.692 વધી રૂ.182850ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. 2129.08 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ડિસેમ્બર વાયદો રૂ.17.15 વધી રૂ.1064.2ના સ્તરે પહોંચ્યો હતો. જસત ડિસેમ્બર વાયદો રૂ.3.55 વધી રૂ.309.55ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો રૂ.3.3 વધી રૂ.277.9ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ડિસેમ્બર વાયદો 40 પૈસા વધી રૂ.183.1ના ભાવે બોલાયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. 2714.89 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ડિસેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.4004ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.4198 અને નીચામાં રૂ.3955ના મથાળે અથડાઈ, રૂ.178 વધી રૂ.4180ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો બેરલદીઠ રૂ.5293ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.5367 અને નીચામાં રૂ.5284ના મથાળે અથડાઈ, રૂ.5309ના આગલા બંધ સામે રૂ.44 વધી રૂ.5353 થયો હતો.

ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર વાયદો રૂ.39 વધી રૂ.5351ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.6.8 વધી રૂ.445.7 થયો હતો. નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો રૂ.6.9 વધી રૂ.445.8ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

### ડૉ. પ્રેમસ્વરૂપદાસજીના વિશેષ આશીર્વાદથી

# નિષ્ણાત ડોક્ટર ની ટીમ દ્વારા સર્વ રોગ નિદાન કેમ્પ નું આયોજન કરાયું



સ્વામિનારાયણ વિશ્વમંગલ ગુરુકુળ ટ્રસ્ટ કલોલ સંચાલિત સ્વામિનારાયણ યુનિવર્સિટી, પ્રેમસ્વરૂપ સ્વામી મલ્ટીસ્પેશિયલિટી હૉસ્પિટલ અને ફેકલ્ટી ઑફ ફિઝિયોથેરાપી દ્વારા, શાસ્ત્રી સ્વામી ડૉ. પ્રેમસ્વરૂપદાસજીના વિશેષ આશીર્વાદથી તથા તમામ ગુરુકુળ ના સંતગણ ના દિવ્ય આશીર્વાદથી , સમાજના દિવ્યાંગ ભાઈ-બહેનો માટે સેવા યજ્ઞ ૨૦૨૫-૨૬ અંતર્ગત નિઃશુલ્ક કૃત્રિમ હાથ અને પગની માપણી, ચાલવામાં અશક્ત ભાઈ બહેનો ને ટ્રાયસિકલ્સ ની નોધણી તથા નિષ્ણાત ડોક્ટર ની ટીમ દ્વારા સર્વ રોગ નિદાન કેમ્પ નું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમ અતિથી વિશેષ તરીકે કલોલ તાલુકા ના ધારાસભ્ય માનનીય બકાજી ઠાકોર તથા આસપાસ ના વિસ્તારોના પ્રતિષ્ઠિત સામાજિક આગેવાનો ની વિશેષ ઉપસ્થિતિથી કાર્યક્રમને વધુ ઉર્જા અને પ્રેરણા પ્રાપ્ત થઈ. આ કાર્યક્રમ હેઠળ જીવનમાં પુનઃ ગતિ અને ગૌરવ આવે તે માટે: ૧૦૦ નિઃશુલ્ક કૃત્રિમ હાથ અને પગ ૧૦૦ નિઃશુલ્ક વિશેષ ટ્રાયસિકલ્સ નું વિતરણ કરવામાં આવશે. આજ રોજ દિવ્યાંગ ભાઈ તથા બહેનો નું હાથ અને પગ નું માપ લેવામાં આવ્યું તથા કૃત્રિમ હાથ અને પગ પહેરવાના ફાયદા તથા ગેરફાયદા ની સમજુતી આપી. સમાજમાં સેવાભાવની ભાવના મજબૂત બને અને દિવ્યાંગ ભાઈ-બહેનોને નવી આશા મળે તે હેતુસર આ સેવા કાર્ય ૩ ડીસેમ્બર વિશ્વ દિવ્યાંગ દિવસ કે જેનો હેતુ દિવ્યાંગ વ્યક્તિઓ ના અધિકાર ,સશક્તિકરણ અને સમાવેશ અંગે જાગૃતિ લાવવાના મહત્વના અવસર પર આયોજિત કરવામાં આવ્યું હતું. 320 થી વધુ લાભાર્થીઓએ જરૂરી દસ્તાવેજો સાથે આવીને મેઝરમેન્ટ કરાવેલ હતું. આ અભિયાન દ્વારા સમાજમાં માનવતા, સેવા, કરુણા અને સર્જનાત્મક સહકારને ઉત્તેજન મળશે. સ્વામિનારાયણ વિશ્વમંગલ ગુરુકુળ ટ્રસ્ટ દ્વારા આ દિવ્યાંગ ભાઈ બહેનો માટે 70 લાખ કરતા પણ વધુ નો ખર્ચ કરી આ જરૂરિયાતમંદ લોકો ને સેવા નો લાભ આપ્યો છે. જેનું વિતરણ જાન્યુઆરી 2026 માં થવાનું છે.

# વર્કિંગ મધર- એક સુંદર અધ્યાય



લેખીકા :- ડો. ચાર્મી એમ પ્રજાપતિ (પાલનપુર)

"વર્કિંગ વુમન "તો સાંભળ્યું જ હશે આજે વર્કિંગ મધર પર આપણે વાત કરીએ. વર્કિંગ વુમન પર ઘર તેમજ નોકરી ની જ જવાબદારી હોય પરંતુ આજે એક મહત્વપૂર્ણ ની જવાબદારી ( તેનું બાળક ) સાથે વર્કિંગ મધર ની વાત કરીશું . "વર્કિંગ મધર " આ શબ્દ પાછળ ની વેદના અને લાગણી જેના પર વીતે તે જ અનુભવ કરી શકે . જે વર્કિંગ વુમન છે પરંતુ માતા પણ છે તેને સેલ્યુટ છે વર્ક સાથે તે ઘર તેમજ મહત્વ નું એના બાળકની જવાબદારી નિભાવે છે .માતા બની ગયા પછી નો એક વારંવાર કહેવા માં આવતું વાક્ય કે "હવે છોકરું કોણ સાચવશે તો નોકરી છોડી દો". જો ના કહીએ કે નોકરી તો કરીશ હું તો કહેશે કે કેવી માં છે એના બાળક કરતા એને નોકરીની પડી છે .તમે કોઈ એવી માં જોઈ છે કે તેને તેના બાળક ની પડી ના હોય . ઊંડાણપૂર્વક પૂછજો તમે તેને તેના નોકરી કરવા પાછળ ની મજબૂરી તમને ખ્યાલ આવી જશે. અરે માં ગાંડી ઘેલી ગમે તેવી હોય તો પણ તેને તેના બાળક પ્રત્યેની લાગણી તો અપાર જ હોય . સવાર ના ઉઠતા જ તેના બાળકને ઉદાસ તેમજ રડતા મૂકી ને આવતા કઈ માં નો જીવ ચાલે !! હવે તમને એવું પણ થશે કે તો નોકરી મૂકી દેવાય ને !! પણ નોકરી પાછળ ની મજબૂરી કઈક ને કઈક હશે જ, કોઈક ને આર્થિક પરિસ્થિતિ , કોઈક ને કૌટુંબિક સમસ્યા, કોઈક ને એવું પણ હશે કે મારા બાળક ના ઉજવળ ભવિષ્ય માટે, બાળક ના સપના પૂરા કરવા માટે નોકરી કરું . પરંતુ બધાના કારણ તો એમની દ્રષ્ટિ એ તો તદ્દન યોગ્ય જ હશે . સવાર ના ઉઠતા જ બાળક તેમજ ઘરની સારસંભાળ કરી ને પછી નોકરી પર જવું, ત્યારબાદ નોકરી પર ત્યાંની અલગ વ્યથા , આખો દિવસ પોતાના બાળક ને તેના દૂર થી રાખવું, ના જોવું, તેને શું ખાધું હશે , ઊંઘ્યો હશે કે નહીં , શું કરતો હશે તેના પાછળની વેદના નહીં સમજી શકો . ઘર - બાળક - નોકરી બસ આ ચક્ર ચાલ્યા જ કરશે આ બધા માં તે પોતાની ઈચ્છા, લાગણી ,વ્યથા તેમજ પોતાનો માટે નો સમય એ બધું એક બાજુ માં જ મૂકી દે છે .આખા દિવસ નો થાક ફક્ત ને ફક્ત ઘરે આવી ને પોતાના બાળકનું સ્મિત જોઈ ને જ ઉતરી જશે . અમને પણ એવું થાય છે કે કાશ!! મારું બાળક પણ મારા જોડે ૨૪ કલાક રહે. હા, વર્કિંગ મધર બનવું ખરેખર મુશ્કેલ છેપણ તે toughest હોવા છતાં પણ સૌથી સુંદર ભૂમિકા છે. કારણ કે માતૃત્વ અને કરિયર – બન્નેમાં ઉજાસ ફેલાવવાની શક્તિ માત્ર માતાને જ મળે છે.વર્કિંગ વુમનથી વર્કિંગ મધર સુધીનો સફર એ સ્ત્રીની સફળતાનો સૌથી સુંદર અધ્યાય છે.

### માધુરીબેન ગોસ્વામીની દિવ્ય વાણી સાથે ગંગા તટે સાત દિવસીય આધ્યાત્મિક મહોત્સવ

# પવિત્ર ગંગા મૈયાની સાનિધ્યમાં ગજાનન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા હરિદ્વાર ખાતે ભવ્ય ભાગવત જ્ઞાન યજ્ઞ નું આયોજન

• વિરમભાઈ કે. આગઠ



દેવાધિદેવ મહાદેવ અને ભગવાન દ્વારકાધીશની પવિત્ર કૃપા સાથે પવિત્ર હરદ્વાર ધામમાં ગજાનન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પરમ આદરણીય માધુરીબેન ગોસ્વામીના વ્યાસાસન પર મદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું વિશાળ અને દિવ્ય આયોજન થનાર છે. પવિત્ર ગંગાના કિનારે યોજાનાર આ જ્ઞાનયજ્ઞ સનાતન ભક્તોમાં ઉત્સાહ અને આધ્યાત્મિક ઊર્જાનું અનોખું સંચાર કરશે. આ ભાગવત કથાની વિશેષતા એ છે કે યાત્રાના પ્રારંભથી અંત સુધી સંપૂર્ણ તબીબી સહાય ઉપલબ્ધ રહેશે. આજના સમયની સામાન્ય સમસ્યાઓ જેવી કે ડાયાબિટીસ અને બ્લડ પ્રેશરની નિયમિત તપાસ કરવામાં આવશે તથા જરૂરી દવાઓ અને માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવશે. યાત્રાળુઓને સુરક્ષિત, આરામદાયક અને આધ્યાત્મિક અનુભવ મળે તે માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. પવિત્ર ફાગણ માસ દરમિયાન યોજાનારી આ સાત દિવસીય ભાગવત કથા માટે હરિદ્વાર યાત્રા પ્રારંભ સવંત ૨૦૨૮૨ ને ફાગણ સૂદ ૩ ને શુક્રવાર તા.૨૦/૦૨/ ૨૦૨૬ ના થશે.અને ભાગવત કથા પ્રારંભ સવંત ૨૦૮૨ ફાગણ સુદ ૫ ને રવિવાર ના થશે.અને કથા વિરામ : શનિવાર ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ ના થશે.કથા સમય સવારના ૯:૦૦ થી ૧૨:૦૦ ના રાખવામા આવેલ છે

હરદ્વારના પવિત્ર ગંગા કિનારે આ દિવ્ય ભાગવત ચર્ચા યોજાશે જ્યાં ભક્તિ, જ્ઞાન અને આધ્યાત્મિકતા નો અનોખો સંગમ સર્જાશે. જે કોઈ સનાતની ભાગવતભક્ત આ પવિત્ર કથામાં જોડાવા ઈચ્છતા હોય તેઓ ભરતભાઈ ગોસાઈ (મો. ૯૮૨૫૯૩૧૧૮૮) નો સંપર્ક કરીને પોતાનું નામ નોંધાવી શકે છે. નામ નોંધાવવાની છેલ્લી તારીખ ૧૨-૧૨-૨૦૨૫ નક્કી કરવામાં આવી છે–

## રાશીફળ (તા.03-12-2025)

**મેષ (અ.લ.ઈ)** મેષ રાશિના લોકો માટે આજનો દિવસ સારો રહેશે. આજના દિવસે તમે બિઝનેસ સંબંધિત કોઈપણ નિર્ણય લેશો તો ફાયદો થશે. પાર્ટનરશીપ સંબંધિત કામમાં તમને ફાયદો થશે.

**વૃષભ (બ.વ.ઉ)** વૃષભ રાશિના લોકો માટે આજનો દિવસ શુભ રહેવાનો છે. આજે તમને તમારી મહેનત પ્રમાણે ફળ મળશે. તમારા જીવનસાથી સાથે કોઈ વાતને લઈને વિવાદ થઈ શકે છે.

**મિથુન (ક.છ.ઘ)** આજનો દિવસ મિશ્રિત રહેશે. તમારી મહેનતનું પરિણામ તમને મોડું મળશે. કોઈ ખાસ વ્યક્તિ સાથે મુલાકાત થઈ શકશે.

**કર્ક (ડ.હ)** આજના દિવસે બહુજ ઉથલ-પુથલ રહેશે. પરંતુ મેડિટેશન કરવાથી તમને માનસિક શાંતિ મળશે અને તમે તમારા કામ પર ફોકસ કરી શકશો.

**સિંહ (મ.ટ)** આજનો દિવસ ખુશીથઈ ભરેલો રહેશે. તમે વ્યવસાયમાં ફાયદો મેળવી શકે તેવી તકો પણ પ્રાપ્ત થશે. સિંહ રાશિના લોકોને આજે કોઈ મહત્વપૂર્ણ સિદ્ધિ મળશે.

**કન્યા (પ.ઠ.ણ)** આજનો દિવસ ખુશી લાવશે. અધ્યયન સંબંધિત કાર્યોમાં સફળતા મળશે. જીવનસાથી તરફથી સહયોગ મળશે.

**તુલા (ર.ત)** આજના દિવસે ખુશહાલી રહેશે.આજના દિવસે ફસાયેલા પૈસા પાછા મળી શકે છે અને તમે તમારા પૈસા પણ બચાવી શકો છો.

**વૃશ્ચિક (ન.ય)** આજના દિવસે કાર્યસ્થળમાં પરેશાની રહેશે. સહકર્મીઓં સાથે વિવાદ થઈ શકે છે. પરંતુ આજના દિવસ બિઝનેસ માટે સારું રહેવાનું છે.

**ધન (ભ.ધ.ફ.ઢ)** ધનુ રાશિના લોકો માટે પરેશાની રહેશે. વિદેશ યાત્રા જવાનું પણ શક્ય છે. તમે તમારી આર્થિક સ્થિતિ મજબૂત કરવા માટે વધુ મહેનત કરશો.

**મકર (ખ.જ)** આજનો દિવસ તમારા માટે સારું રહેશે .જીવનસાથી સાથે ફરવા જઈ શકો છો અને આજે તમારું જીવનસાથી સાથે સારો સમય પસાર થશે.

**કુંભ (ગ.શ.સ.ષ)** કુંભ રાશિના જાતકો માટે આજના દિવસે કોઈ પણ પ્રકારની યાત્રા કે પ્રવાસ પર જઈ શકો છો અથવા તો કોઈ પણ શુભ કાર્ય પૂર્ણ કરી શકો છો.

**મીન (દ.ચ.ઝ.થ)** મીન રાશિના લોકો માટે આજનો દિવસ ખુશી અને આનંદ લઈને આવશે. જૂના મિત્ર અથવા નજીકના સંબંધી સાથે મુલાકાત થશે.

# ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ માન. શંકરભાઈ ના ૫૫ માં જન્મદિવસે વિવિધ કાર્યક્રમ યોજાયા

### @૪૭ વિકસિત દેશ જેવાં ઊંડા મંત્રને અનુસરતા વિદ્યાર્થીઓ



•પ્રધાનજી ઠાકોર

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ માન. શંકરભાઈ ના ૫૫ માં જન્મદિવસે નવા ઉત્સાહ સાથે વાઈબ્રન્ટ વિદ્યાલય માં સહ વિશેષ કાર્યક્રમ યોજયાં. પૃથ્વી, પર્યાવરણ, પરિશ્રમી અને નિર્મળ વિકાસ પ્રત્યે ગાઢ પ્રતિબદ્ધતાવાળા થરાદ ના જન લોક પ્રિય, લોક સેવક ધારાસભ્ય અને બનાસ ડેરીના ચેરમેન માન. શંકરભાઈ ના જન્મદિવસની ઉજવણી વાઈબ્રન્ટ વિદ્યાલય થરાદ અને નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓએ ૫૫ વૃક્ષો વાવીને સુરક્ષિત દીર્ઘ આયુષ્ય માટે શુભેચ્છા સહ ભગવાન શિવને પ્રાર્થના કરી. સાથે બાળકો અને શાળા પરિવારે સ્વચ્છતા અભિગમ અપનાવી કુદરત પ્રત્યે સહાનુભૂતિ દાખવી। માન. શંકરભાઈ નું દુરદષ્ટી સભર પ્રતિષ્ઠિત નેતૃત્વ, પરિશ્રમ, પર્યાવરણ, પાણી બચાવ તેમજ સહકારીતા, સ્વચ્છતા, સ્વાસ્થ્ય, સમૃદ્ધ જમીન સંરક્ષણ અંગે ઉત્તમ કાર્ય પ્રેરણાદાયક છે. ગાંધીજી, સરદાર પટેલ અને વડાપ્રધાન માન. નરેન્દ્રભાઈ મોદી દ્વારા પ્રેરિત સંગઠિત, સમૃદ્ધ, શિક્ષિત, શિસ્તબદ્ધ સુરક્ષિત, સુસજ્જ, સ્વચ્છ, શ્રેષ્ઠ તેમજ આત્મનિર્ભર, અખંડ, અલોકિક, ઉત્કૃષ્ટ, ઉર્જાવાન, @૪૭ વિકસિત દેશ જેવાં ઊંડા મંત્રને અનુસરતા વિદ્યાર્થીઓ જૂનૂન સાથે જોડાયા। સંત દયારામ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત વાઈબ્રન્ટ વિદ્યાલય ના પ્રમુખ પટેલ રાણાભાઈ, સમન્વય-રાષ્ટ્રીય સમાજીક સમરસતા, શાળા મેનેજીંગ મંત્રી ભરત આર. પટેલ, સંચાલક એમ.એમ.પટેલ નો મંત્ર માર્ગદર્શન આચાર્ય ધુડાભાઈ, વાઈબ્રન્ટ પરિવાર અને તમામ સ્ટાફ-વિદ્યાર્થીઓની મહેનતે શાળાએ અનોખા ઉત્સવરૂપે દિવસની ઉજવણી કરી.



# રૂ.૭૦,૦૦૦ ની લાંચ લેતા DGVCL નો સિનિયર ક્લાર્ક રંગેહાથ ઝડપાયો

### વચેટિયા મારફતે કામ કઢાવવું મોંઘું પડ્યું

• સુરત

સુરત ગ્રામ્ય એ.સી.બી. (Anti-Corruption Bureau) એ દક્ષિણ ગુજરાત વીજ કંપની (DGVCL) ના એક સિનિયર ક્લાર્ક અને તેના વચેટિયાને ૭૦,૦૦૦ ની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યા છે.

આ કેસમાં ફરિયાદીએ પોતાની માલિકીની જમીનમાં કોમર્શિયલ વીજ કનેક્શન લેવા માટે DGVCL, કઠોર સબ-ડિવિઝન કચેરી ખાતે અરજી કરી હતી. વીજ મીટર લગાવવાની કાર્યવાહી કરવાના અવેજ પેટે આરોપી સિનિયર ક્લાર્ક સંતોષભાઈ



ભગવાનભાઈ સોનવણેએ ફરિયાદી પાસે ૭૦,૦૦૦/- ની ગેરકાયદેસર લાંચની માંગણી કરી હતી. ફરિયાદીએ લાંચ આપવાની અનિચ્છા દર્શાવી ACB નો સંપર્ક કરતા લાંચના છટકાનું આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રેપ દરમિયાન, મુખ્ય આરોપી ક્લાર્ક સંતોષભાઈએ લાંચની રકમ લેવા માટે આરોપી ભરતભાઈ રમણીકભાઈ સાવલીયા (લેબર કોન્ટ્રાક્ટર) ને કામરેજ ટોલનાકાની બાજુમાં આવેલ સ્વાગત નર્સરી ખાતે મોકલ્યો હતો. વચેટિયા ભરતભાઈએ ફરિયાદી પાસેથી ૭૦,૦૦૦/- ની રકમ સ્વીકારતા જ ACB ટીમે બંને આરોપીઓને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. ACB દ્વારા લાંચની રકમ રીકવર કરી ક્લાર્ક સંતોષભાઈ સોનવણે અને વચેટિયા ભરતભાઈ સાવલીયા વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## થરાદ-ડીસા હાઈવે પર અસાસણ નજીક ટ્રેલરની ટક્કરે બાઈક ચાલકનું ઘટનાસ્થળે જ મોત

• પ્રધાનજી ઠાકોર

થરાદ-ડીસા હાઈવે પર અસાસણ નજીક અકસ્માત સર્જાયો હતો, જેમાં ટ્રેલરની ટક્કરે બાઈક ચાલકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. થરાદ તરફથી આવી રહેલા ટ્રેલરે લાખણી તરફથી આવી રહેલા બાઈક ચાલક ને ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બાઈક ટ્રેલરના આગળના ભાગમાં ઘૂસી ગયું હતું. જેમાં અકસ્માત બાદ ઘટનાસ્થળે લોકો ના ટોળા ઉમટી પડ્યાં હતાં મૃતક બાઈક ચાલક રાહ તાલુકા ના મેઘપુર ગામના વતની હતા અને લાખણીની કેસરપુરા પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા હતા.




**મહા રક્તદાન** અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીના ૫૫માં જન્મ દિન નિમિતે લોકોએ રક્તદાન કર્યું

# સેવાનું કાર્ય : ૧૨૦ લોકોએ જન્મ દિન નિમિતે અંગદાન કરવાની જાહેરાત કરી

### દિયોદર મીની અંબાજી સણાદર ધામ ખાતે સર્વ સમાજ દ્વારા રક્તદાન શિબિરમાં ૧૧૫૮ બોટલ રક્ત એકઠું થયું

• પ્રતિનિધિ દિયોદર જગદીશ સોની દ્વારા

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીના ૫૫માં જન્મ દિન નિમિતે દિયોદર તાલુકાના મીની અંબાજી સણાદર મંદિર ખાતે સર્વ સમાજ દ્વારા આયોજિત રક્તદાન શિબિરનું આયોજન કરાયું હતું જેમાં સર્વ સમાજના આગેવાનોની હાજરીમાં તેમજ મોમાઈ મોરા મહંત શુભમગીરી બાપુ ,નાના કાપરા મહંત કુરશીગિરી બાપુ, સણાદર મહંત અંકુશગીરી બાપુ,દ્વારા દીપ પ્રાગટ્ય કરી રક્તદાન શિબિર ખુલ્લી મૂકવામાં આવેલ આ રક્તદાન શિબિર કેમ્પમાં સર્વ સમાજના યુવાનોએ અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી ના જન્મ દિવસને યાદગાર બનાવવા માટે રક્તદાન એ મહાદાન ના ભાગરૂપે લોકોએ રક્તદાન કરી એક સંદેશો આપ્યો હતો આ રક્તદાન શિબિરમાં સેવાભાવી શિક્ષક જામાભાઈ પટેલે 78મી વખત રક્તદાન કરી યુવાનોને રક્તદાન કરવા આહવાન કર્યું હતું જેમાં આ રક્તદાન શિબિર માં ૧૧૫૮ બોટલ રક્ત એકઠું થયું હતું જે રક્ત વિવિધ જરૂરિયાત લોકોને મદદ રૂપ થઈ શકે તે માટે મોકલવામાં આવેલ જેમાં આ રક્તદાન કેમ્પમાં




૧૨૦ લોકોએ અંગદાન કરવાની જાહેરાત કરી એક સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું આ રક્તદાન શિબિરમાં ૨૪૮ લોકોનું મેડિકલ ચેકઅપ કરાયું હતું આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ કીર્તિસિહ વાઘેલા ,બનાસ બેંક ચેરમેન ડાયાભાઈ પીલીયાતર,કનુભાઈ વ્યાસ , પૂર્વ ધારાસભ્ય અનિલભાઈ માળી,રૈયા જિલ્લા પંચાયત સદસ્ય રમેશભાઈ ચૌધરી,બનાસ ડેરીના ડિરેક્ટર રમીલાબેન ચૌધરી,તા પૂર્વ પ્રમુખ ઉત્તમસિંહ વાઘેલા , ડૉ હસુભાઈ પટેલ,ભરતભાઈ ઠાકોર (વકીલ) વગેરે આગેવાનો હાજર રહ્યા હતા અને કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીના ૫૫માં જન્મ દિન નિમિતે મીની અંબાજી સણાદર ધામ ખાતે સર્વ સમાજ દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હતું જેમાં ધાર્મિક મંદિરમાં સાફ સફાઈ કરી સ્વછતા નો એક સંદેશ આપ્યો હતો જેમાં ૫૫ જેટલા વૃક્ષ નું વાવેતર કરી વૃક્ષ વાવો વૃક્ષ બચાવો સંકલ્પ લીધો હતો

વેપારીઓને કામ પૂરું થાય ત્યાં સુધી અન્ય જગ્યાએ વેપારની વ્યવસ્થા તંત્ર એ કરવી જોઈએ જેથી કોઈની રોજી રોટી છીનવાઈ નહીં

# આહવા-સાપુતારા માર્ગ પર સ્વૈચ્છિક દબાણ દૂર, કાર્યવાહીમાં અચાનક વિરામ

**ડાંગમાં દબાણ હટાવો ઝુંબેશ** વેપારીઓનો રોજીરોટીનો પ્રશ્ન બરાબર છે પરંતુ આહવા ડાંગ જિલ્લાનો વહીવટી મથક છે તેનો વિકાસ પણ જરૂરી છે



• ડાંગ

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આદેશથી સરકારી જમીનો અને જાહેર રસ્તાઓ પરના દબાણો હટાવવાની ઝુંબેશ ડાંગ જિલ્લામાં પણ સક્રિયપણે શરૂ થઈ છે. લાંબા સમયથી ભ્રષ્ટ નેતાઓના કારણે આહવા, વઘઈ, સાપુતારા અને સુબીર જેવા મુખ્ય વિસ્તારોમાં દબાણો દૂર થતા ન હોવાની લોકચર્ચા વચ્ચે, કલેક્ટર શાલિની દુહાન, અધિક કલેક્ટર વી.કે. જોશી અને પ્રાંત અધિકારી કાંજલ આંબલિયા સહિતની મહિલા અધિકારીઓની પ્રમાણિક કામગીરીથી ડાંગના જાહેર રસ્તાઓ ખુલ્લા થવાની આશા જાગી છે કલેક્ટર અને અધિક કલેક્ટરના કડક આદેશથી પ્રાંત અધિકારી કાંજલ આંબલિયાએ સીટી સર્વે સુપ્રિટેન્ડન્ટ, કાર્યપાલક ઈજનેરો, મામલતદારો અને તાલુકા વિકાસ અધિકારીઓને દબાણ હટાવવા માટે કડક સૂચનાઓ આપી હતી. તંત્રએ દબાણકર્તાઓને તા. 28-11-2025 થી 1-12-2025 સુધી સ્વયંભૂ દબાણ દૂર કરવા જણાવ્યું હતું, અને ત્યારબાદ તા. 2-12-2025 થી 6-12-2025 દરમિયાન સત્તાવાર ઝુંબેશ હાથ ધરવાનું આયોજન હતું. આ સૂચનાના ભાગરૂપે, પ્રાંત અધિકારી કાંજલ આંબલિયા તેમની ટીમ સાથે આહવા ઈન્ડિયન ઓઈલ પેટ્રોલ પંપથી સાપુતારા ચાર રસ્તા સુધીના દબાણ સ્થળોએ પહોંચ્યા હતા. તેમની સીધી દરમિયાનગીરીથી દુકાનદારો અને લારી-ગલ્લાંવાળાઓએ તેમનાં કાચા-પાકાં શેડ્સ અને દબાણો સ્વયંભૂ દૂર કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી હતી. જેના પરિણામે, આહવા માર્ગ પર મોટાભાગનાં દબાણો હટાવી લેવાતાં રસ્તો ખુલ્લો થતો જોવા મળ્યો હતો, જોકે સાંજે હજુ પણ કેટલાક કાચા-પાકા દબાણો યથાવત હતા જોકે, અચાનક આજે દબાણ હટાવવાની કામગીરી અટકી ગઈ હોવાનું જાણવા મળ્યું છે. સોશિયલ મીડિયા પર એવી ચર્ચા છે કે દબાણ કરનારા વેપારીઓના નેતા વિજયભાઈ પટેલ અને સાંસદ ધવલભાઈ પટેલ દ્વારા દબાણ હટાવવાની કામગીરી બંધ કરાવવામાં આવી છે. આ કારણે ડાંગ પ્રાંત અધિકારીની ટીમ દબાણ હટાવવા માટે રસ્તા કે દબાણ સ્થળ પર નહીં આવતા અનેક પ્રશ્નો ઉભા થયા છે અને જાહેર રસ્તાઓ સંપૂર્ણપણે ખુલ્લા થશે કે કેમ તે અંગે પ્રશ્નાર્થ સર્જાયો છે.

# કાંતિ ખરાડી પુરી તાકાત થી એક્શન મોડમાં, આવેદન પત્ર આપી સરકાર પર આરોપો લગાવ્યા

### આવેદન પત્ર આપવા મોટી સંખ્યામાં કોંગ્રેસ કાર્યકર્તાઓ પહોંચ્યા

• અંબાજી

ગુજરાત કોંગ્રેસ દ્વારા ઢીમા થી નીકળેલી જન આક્રોશ યાત્રા આજે બહુચરાજી ખાતે સમાપન થઈ રહી છે ત્યારે કોંગ્રેસના તમામ નેતાઓ ફ્રન્ટ ફુટ પર બેટિંગ કરતા જોવા મળી રહ્યા છે ત્યારે દાંતા અમીરગઢના કોંગ્રેસના ધારાસભ્ય કાંતિ ખરાડી પણ આજે દાંતા ખાતે મોટી સંખ્યામાં જોડાઈને ભાજપ સરકાર અને તંત્ર સાથે પોલીસ પર હુરિયો બોલાવી હર્ષ સંઘવીને દારૂડિયા કહ્યા હતા.જન આક્રોશ યાત્રા દરમિયાન દાંતા ખાતે જીગ્નેશ મેવાણી દ્વારા પણ હર્ષસંઘવીપર મોટો આરોપ મૂકાયો હતો ત્યારે આજે કોંગ્રેસના ધારાસભ્ય કાંતિ ખરાડી પણ જંગલ, જમીન,દાખલાઓ, દારૂ, ડ્રગ્સ અને ખેડૂતના ખાતરને લઈને મોટી સંખ્યામાં દાંતા પ્રાંત કચેરીમાં આવીને નારેબાજી સાથે આવેદન પત્ર આપ્યું હતું.દાંતા તાલુકાના અંતરીયાળ વિસ્તારોમાં ચાલતા દારૂ અને વિવિધ પ્રાણ પ્રશ્નો ને લઈને કાંતિ ખરાડી દ્વારા આજે એલાન કરાયું હતું અને મોટી સંખ્યામાં કોંગ્રેસના નાના મોટા



નેતાઓ કાર્યકર્તાઓ સાથે જોડાઈને સર ભવાની સ્કૂલ ના ગેટ થી દાંતા પ્રાંત કચેરી સુધી મોટી સંખ્યામાં નારેબાજી લગાવીને સરકાર અને પોલીસ પર આરોપો લગાવ્યા હતા. ખેડૂતોના ખાતરના પ્રશ્ન, દારૂ જેવી બદીઓ, ડ્રગ્સ સહિત લોકોને પડતી વિવિધ તકલીફો ને લઈને કોંગ્રેસ દ્વારા આક્રમક રૂપમાં આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. દાંતા પ્રાંત કચેરીના ગેટ આગળ બધા કોંગ્રેસના નેતાઓ કાર્યકર્તાઓ એકઠા થઈને બેસી ગયા હતા અને ત્યારબાદ ફરી નારા લગાવ્યા હતા અને બાદમાં પ્રાંત અધિકારી હરિણી. કે.પી ને આવેદન પત્ર આપ્યું હતું. દાંતા પીઆઈ સહિત મોટી સંખ્યામાં પોલીસ જવાનો હાજર રહ્યા હતા. ગૃહમંત્રી દારૂડિયો છે તેવો મોટો આરોપ પણ કાંતિ ખરાડી એ લગાવ્યો હતો. દાંતા તાલુકામાં રાજસ્થાન સરહદ ની 2 બોર્ડર જોડાયેલી છે અને અવારનવાર આ બોર્ડરો વિવાદમાં પણ રહી ચૂકી છે. અંબાજી આઠ નંબરના અસરગ્રસ્તો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# સરપ્રતાપ હાઈસ્કૂલ ઈડર નું ગૌરવ

### સતત ૧૩૫ વર્ષથી આપ સીની સેવામાં સમર્પિત કેળવણીના કબીરવડ સમાન

• દુર્ગેશ જયસ્વાલ ઈડર

વડનગર: મુલાકાત (પ્રેરણા: એ ક અનુભવાત્મક શિક્ષણ કાર્યક્રમ) એ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના બાળપણની શાળા (કુમાર શાળા, ૧૮૮૮માં સ્થપાયેલી) પર આધારિત વારસાગત કેન્દ્ર છે. આ સ્થળ મહેસાણા જિલ્લાના વડનગરમાં આવેલું છે અને તેને કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા ૨૦૨૪માં લોન્ચ કરાયેલા 'પ્રેરણા' કાર્યક્રમ હેઠળ વિકસાવવામાં આવ્યું છે. આ કાર્યક્રમ દેશભરના વિધાર્થીઓને પ્રેરણાદાયી અનુભવ આપવા માટે રચાયો છે, જેમાં ઐતિહાસિક મુલાકાતો, યોગ, કાર્યશાળાઓ અને મૂલ્ય-આધારિત શિક્ષણનો સમાવેશ થાય છે. કેન્દ્ર સરકારના શિક્ષણ વિભાગના ખુબ સરસ આયોજન ભાગરૂપે દર મહિને ભારતના દરેક રાજ્યમાંથી ફક્ત ૨ વિધાર્થીઓને પસંદગી પ્રેરણા સ્કૂલમાં પ્રત્યક્ષ અનુભવ શિક્ષણ માટે થાય છે જેમાં આ માસે સર પ્રતાપ હાઈસ્કુલ ઈડર ની ધોરણ ૧૨ ની વિધાર્થીની દિયા પ્રજાપતિ નું ગુજરાત રાજ્યમાંથી સિલેક્શન થઈ તારીખ ૨૯ નવેમ્બર થી ૬ ડિસેમ્બર સુધી વડનગર મુકામે



રહી સમગ્ર દેશના વિધાર્થીઓ સાથે અનુભવ લક્ષી શિક્ષણ મેળવશે આ સિદ્ધિ બદલ ઈડર પ્રજાકીય વિધોતેજક સમિતિ અને સર પ્રતાપ હાઈસ્કુલ શાળા પરિવાર અભિનંદન પાઠવે છે.

## બડોલી-વડીયાવીર માર્ગ પર નવું ડામર રોડનું કાર્યપૂરું–વાહનચાલકોને મોટી રાહત

• દુર્ગેશ જયસ્વાલ સાબરકાંઠા.

બડોલી-વડીયાવીર માર્ગ છેલ્લા ઘણા સમયથી ખરાબ હાલતમાં હતો, જેના કારણે વાહનચાલકો તેમજ સ્થાનિક રહેવાસીઓ તેમજે બિલેશ્વર ધામ મંદિરે દર્શનાર્થે જતા શ્રદ્ધાળુઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. ખાસ કરીને ચોમાસા દરમ્યાન ત્રણ મોટા ગરનારા (ક્લીવટ) પરથી પસાર થવું મુશ્કેલ બની રહેતું હતું.હવે ગ્રામ્ય આર એન્ડ બી પંચાયત વિભાગ દ્વારા આ માર્ગ પર ત્રણ નવા ગળનારા અને એક સ્લેબ ડ્રેનનું નિર્માણ કાર્ય પૂર્ણ કરીને ગુણવત્તાસભર ડામર રોડ તૈયાર કરવામાં આવ્યો છે. નવો માર્ગ ખુલતા જ વાહનચાલકો અને વિસ્તારના રહેવાસીઓમાં ખુશીની લાગણી ફેલાઈ છે. આ અંગે માહિતી આપતા ગ્રામ્ય આર એન્ડ બી વિભાગના અધિકારી જયેન્દ્રસિંહએ જણાવ્યું હતું કે, "વડીયાવીર રોડ પર પાણીભરાવાની લાંબા સમયથી રહેલી સમસ્યા ધરાવતા વિસ્તારોમાં ટૂંક સમયમાં સીસી રોડનું કાર્ય પણ શરૂ કરવામાં આવશે. આ કાર્ય પૂર્ણ થયા પછી પાણી ભરાવાની સમસ્યા સંપૂર્ણપણે દૂર.' આવનારા દિવસોમાં ત્રણ ગળનારા, સ્લેબ ડ્રેન અને ડામરીકરણનું સમગ્ર કામ પૂરું થતાં વર્ષોથી ચાલતી તકલીફોનો અંત આવી જશે અને બડોલી-વડીયાવીર રોડ પર પરિવહન વધુ સરળ અને સુરક્ષિત બનશે.

**ઊનની આડમાં દારૂનો ધંધો**

# ચોટીલા નજીકથી કપાસિયા વેસ્ટની આડમાં સંતાડેલો ૧.૭૭ કરોડનો દારૂ ઝડપાયો

• સુરેન્દ્રનગર/ચોટીલા

રા જ્ય મોનીટરીંગ સેલ (S MC) દ્વારા સુરેન્દ્રનગર જિ લ્લામાં અત્યાર સુધીના સૌથી મો ટા દારૂના કટિંગ ઓપરેશનને નિ ષ્ફળ બનાવી ૨.૧૩ કરોડથી વધુનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ વામાં આવ્યો છે. SMC ટીમે ઘટ નાસ્થળેથી ૭ આરોપીઓને પણ રંગેહાથ પકડી લીધા હતા.

આ દરોડો ચોટીલા તાલુકાના નાની મોલાડી ગામ નજીક, હોટેલ વાડવાળા દર્શન પાસે આવેલા ખુલ્લા ખેતરમાં પાડવામાં આવ્યો હતો.SMC ટીમે ૨૮,૪૦૪ વિદેશી દારૂની બોટલો જપ્ત કરી હતી, જેની કિંમત ૧,૭૭,૮૧,૩૬૦/- થાય છે. દારૂને છુપાવવા માટે



૨૦૫ કપાસિયા કચરાના (Cotton Waste) બંડલોનો ઉપયોગ કરાયો હતો. બે વાહનો સહિત કુલ ૨,૧૩,૬૧,૭૬૦/- નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. જપ્ત થયેલો દારૂ પંજાબ અને ચંદીગઢની જુદી જુદી ડિસ્ટિલરીઝમાં બનેલો છે.

એસ.એમ.સી. ટીમે દારૂનું કટિંગ કરી રહેલા મૂળ ભણેજડા ગામના ૭ આરોપીઓને સ્થળ પરથી રંગેહાથ ઝડપી પાડ્યા હતા. જોકે, આ કેસમાં દારૂ મંગાવનાર મુખ્ય રિસીવર સંજય અણકભાઈ ખાચર ( ૨ હે. નાની મોલાડી) સહિત પાં ચ આરોપીઓ ફરાર છે અને તેમને વોન્ટેડ જાહેર કરાયા છે.

પકડાયેલા ૭ આરોપીઓ વિરુદ્ધ પ્રોહિ બિ શન એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી, તેમને વધુ કાર્યવાહી માટે ચોટીલા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા છે. S M C ના પી.એસ.આઈ. વી.એન. જાડેજા દ્વારા ફરાર મુખ્ય સૂ ત્રધારોને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કરાયા છે.

# SMC એ અમદાવાદના કુબેરનગર વિસ્તારમાંથી ૮ જુગારીઓને ૪.૮૧ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા

### રામાપીર મંદિર નજીક ખુલ્લા મેદાનમાં ચાલતું જુગારધામ પકડાયું



• અમદાવાદ

રાજ્ય મોનીટરીંગ સેલ (SMC) ની ટીમે અમદાવાદના સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં કુબેરનગરના વણકર વાસ ખાતે ચાલી રહેલા જુગારધામ પર દરોડો પાડી ૮ જુગારીઓની ધરપકડ કરી છે. આ કાર્યવાહી દરમિયાન કુલ ૪.૮૧ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

કુબેરનગરના એફ-વોર્ડ, વણકર વાસ વિસ્તારમાં રામાપીર મંદિર નજીક ખુલ્લા મેદાનમાં આ જુગારધામ ચાલી રહ્યું હતું. SMC ટીમે સ્થળ પરથી જુગારના સાહિત્ય સાથે ૭૧,૨૦૦/- રોકડા, ૬ મોબાઈલ ફોન અને ૭ વાહનો સહિત કુલ ૪,૮૧,૨૦૦/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

દરોડા દરમિયાન SMC ટીમે રાજુભાઈ ગાયકવાડ, આશીષ ઈન્દ્રેકર, સની ગાયકવાડ સહિત કુબેરનગર અને આસપાસના વિસ્તારના રહેવાસી એવા ૮ આરોપીઓને જુગાર રમતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા. જોકે, જુગારધામના મુખ્ય આરોપી મુકેશભાઈ મકવાણા, વિજય ભીલ અને ૪ વાહનોના માલિક સહિત ૬ વ્યક્તિઓ વોન્ટેડ જાહેર કરાયા છે.

પકડાયેલા ૮ આરોપીઓ વિરુદ્ધ ગુજરાત જુગાર પ્રતિબંધક અધિનિયમ અને ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી, તેમને વધુ કાર્યવાહી માટે સરદારનગર પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા છે.

### આનંદ આશ્રમ બચાવવા હિત રક્ષક સમિતિ દ્વારા અભિયાન ટ્રસ્ટડીડ વિરૂધ્ધ જમીન વેંચાણ અંગે તપાસ

# રાજકોટમાં આનંદ આશ્રમની કિંમતી જમીન સસ્તામાં વેંચી દેવાયાનો વિવાદ

### સૂચના છતાં તંત્ર ટ્રસ્ટીઓને છાવરતું હોવાનો ચોંકાવનારો આક્ષેપ

જૂનાગઢ, : રાજકોટના પોશ વિસ્તારમાં બિલખા આનંદ આશ્રમની કિંમતી જમીન આવેલી હતી. ટ્રસ્ટડીડમાં આ જમીન વેંચવા પર મનાઈ હોવા છતાં આ કિંમતી જમીન પાણીના ભાવે વેંચી નખાઈ છે એવા રોષ સાથે પૂર્વ વિદ્યાર્થીઓની હિત રક્ષક સમિતિએ આનંદ આશ્રમ બચાવવા અભિયાન શરૂ કર્યું છે. તંત્ર ટ્રસ્ટીઓને છાવરી રહ્યું છે અને સરકાર કોની લાજ કાઢે છે એવો સવાલ ઉઠાવ્યો છે.

રાજકોટના એસ્ટ્રોન ચોક વિસ્તારમાં વિધવા સાધિકા બહેનોએ બિલખા આનંદ આશ્રમના મહાત્માને 1500 વાર જેટલી જમીન દાનમાં આપી હતી. સમિતિનું કહેવું છે કે આ જમીન ક્યારેય વેંચવી નહી તેવો ટ્રસ્ટડીડમાં ઉલ્લેખ છે છતાં બિલખા આનંદ આશ્રમના વગદાર ટ્રસ્ટીઓએ 2020-21 માં આ કિંમતી જમીન પાણીના ભાવે વેંચી નાખી હતી. કથિતપણે નિયમ વિરૂધ્ધ વેંચાયેલી આ જમીન બચાવવા આશ્રમના પૂર્વ વિદ્યાર્થીઓ, સાધકો તથા શિષ્યોએ હિત રક્ષક સમિતિ બનાવી છે. જેઓએ સંસ્થાની જમીન બચાવવા માટે કલેક્ટર, સંલગ્ન સરકારી વિભાગ, મુખ્યમંત્રી કાર્યાલય સહિત 15 સ્થળે આવેદનપત્ર આપ્યા છે. જૂનાગઢ ચેરિટી કમિશનરને લેખિત નિવેદન આપ્યું છે. સરકારમાંથી તપાસ અંગેની ટકોર હોવા છતાં પણ તંત્ર દ્વારા ટ્રસ્ટીઓને છાવરવામાં આવી રહ્યા છે એવા બળાપા સાથે આનંદ આશ્રમ હિત રક્ષક સમિતિના સભ્યોએ ઉમેર્યું કે ટ્રસ્ટીઓએ આશ્રમના આદ્યસ્થાપકના ટ્રસ્ટડીડ વિરૂધ્ધ ગેરવહીવટ કર્યો હોવાના તથ્ય સામે આવ્યા છે. આ ઉપરાંત, 50 કિલોનો ચાંદીનો મંડપ ઓગાળી નાખવો, લાયકાત વગરના ટ્રસ્ટીઓને ટ્રસ્ટમાં લેવા, સગાવાદ આચરી ઉંચા પગારથી ભરતી કરી હોવાનો આક્ષેપ પણ કર્યો છે અને સરકાર આ બાબતે પગલા લેવામાં કોની લાજ કાઢી રહી છે તે સવાલ ઉઠાવ્યો છે. હિત રક્ષક સમિતિએ જવાબદારો સામે પગલા લેવામાં આવે એવી માંગ કરી છે.

હિત રક્ષક સમિતિના સભ્યએ જણાવ્યું હતું કે, 'જેને જમીન વેંચવામાં આવી છે તે વચેટીયાઓ મારફત સમાધાન માટેના પ્રયાસો કરે છે પરંતુ અમે ગુરૂદેવનું અન્ન ગ્રહણ કર્યું છે આથી આશ્રમની કિંમતી જમીન તેમજ ટ્રસ્ટીઓના ગેરવહીવટ સામે કાર્યવાહી થાય ત્યાં સુધી લડત ચાલું રાખવા નિર્ણય કર્યો છે.'



# મહીસાગર એલસી બી એ બાકોર પો.સ્ટે. વિસ્તારમાં 4.60 લાખનો દારૂ ઝડપાયો

### ૧૨,૯૫,૬૨૨/-ના મુદ્દામાલ સાથે બે આરોપીને ઝડપી પડાયા


• વીરભદ્ર સિંહ સિસોદીયા મહિસાગર




મહીસાગર એલ.સી.બી.પોલીસ ઈન્સ..એમ.કે.ખાંટ સાહેબનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ સ્ટાફના માણસો જિલ્લામાં અલગ અલગ જગ્યાએ પ્રોહી વોચ તપાસમાં રહેલ. જે દરમ્યાન એ.એસ.આઈ. ભવાનજી બાલાજી તથા આ.હે.કો. મહિપાલસિંહ ઉમેદસિંહ નાઓને સંયુકત બાતમી મળેલ એક સફેદ કલરની કિયા સેલ્ટોસ ગાડીમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરી રાજસ્થાન તરફથી પાંડરવાડા થઈ બાબલિયા ચોકડી તરફ જનાર છે.

જે ચોક્કસ બાતમી હકીકત આધારે સ્ટાફના માણસો બાકોર પો.સ્ટે વિસ્તારના ગાંધીયાનામુવાડા ગામ પાસે ખાનગી વાહનોમાં વોચમાં રહેલ દરમ્યાન બાતમી મુજબની સફેદ કલરની કિયા સેલ્ટોસ ગાડી આવતા સ્ટાફના માણસોએ રસ્તા પર વાહનોની આડાશ કરી ગાડી રોકી લીધેલ તથા ગાડી ચાલક તથા તેની બાજુની સીટમાં બેસેલ ઈસમને ઝડપી લીધેલ. બાદ સદર ગાડી પંચો રૂબરુ ચેક કરતા ગાડીમાં વિદેશી દારૂની બોટલો હોવાનુ જણાવી આવતા ગાડીને પોલીસ જાપ્તા સાથે બાકોર પોલીસ સ્ટેશન લાવી વધુ ચેક કરતા તેમાંથી અલગ અલગ બ્રાન્ડની નાની મોટી બોટલો નંગ ૧૩૫ કુલ રૂ. ૦૪,૬૦,૬૨૨/- નો વિદેશી દારૂ તથા બીજો મુદ્દામાલ કુલ રૂ. ૧૨,૯૫,૬૨૨/- નો મળી આવેલ જે અંગે બાકોર પોસ્ટે ખાતે પ્રોહીબીશનનો ગુનો નોધી આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ. પકડાયેલ આરોપી- (૧) અમન રમેશ યાદવ રહે.ગામ.ગલીયાકોટ બોરાકોલોની જુઈતલાઈ થાના ચીતરી તા.ગલીયાકોટ, જી.ડુંગરપુર રાજસ્થાન(૨) દિક્ષીત જીવરાજ યાદવ રહે.ગામ.ગલીયાકોટ બોરાકોલોની જુઈતલાઈ થાના. ચીતરી તા.ગલીયાકોટ, જી.ડુંગરપુર રાજસ્થાન

## લુણાવાડાના ફરાર આરોપીને પકડવામાં મહીસાગર એસ.ઓ.જી.ને મળેલ સફળતા



• વીરભદ્રસિંહ સિસોદિયા મહીસાગર

એસ.ઓ.જી. પોલીસ ઈન્સ. .વી.ડી.ધોરડા નાઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ પો.સ.ઈ એ.એમ.બારીઆ તથા પો.સ.ઈ. એચ.બી.સિસોદિયા તથા એસ.ઓ.જી. સ્ટાફનાં માણસોની અલગ અલગ ટીમોની રચના કરવામાં આવેલી દરમ્યાન એસ.ઓ.જી. પોલીસ ઈન્સ..વી.ડી.ધોરડા નાઓએ ટેક્નીકલ તથા હ્યુમન સોર્સ આધારે લુણાવાડા ટાઉન પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુ.ર.નં.૦૫૦/૨૦૨૫ બી.એન.એસ.-૨૦૨૩ની કલમ ૩૦૩(૨) મુજબના મોટર સાયકલ ચોરીના ગુન્હાનો નાફતો ફરતો આરોપી હાલ ધોળકા તાલુકાના બાદરખા ગામે રહી ડ્રાઈવીંગ કરતો હોવાની ચોક્કસ બાતમી મળેલ જેથી એસ.ઓ.જી. સ્ટાફના પો.સ.ઈ.એચ.બી.સીસોદીયા, એ.એસ.બાદ. કિર્તિપાલસિહ : હે.કો.અક્ષયભાઈ, હે.કો. હેમંતકુમાર તથા પી.કો. નથુભાઈ નાઓને સુચના કરી ધોળકા ખાતે મોકલી તપાસ કરાવતો આરોપી સાહુલ ઉર્ફે સાહીલભાઈ વાલુભાઈ કટારા રહે, જાજરવાકલા, તા.ગાંગડતલાઈ, જી.બાંસવાડા (રાજસ્થાન) નાઓને ઝડપી હસ્તગત કરી આગળની કાયદેસરની કાર્યવાહી કરવા માટે લુણાવાડા પો.સ્ટે. સોપવામાં આવેલ છે. આરોપી- સાહલ ઉર્ફે સાહીલભાઈ વાલુભાઈ કટારા રહે જાજરવાકલા, તા.ગાંગડતલાઈ, જી.બાંસવાડા (રાજસ્થાન)

### ડાંગ જિલ્લા કલેક્ટરનો સંવેદનશીલ અભિગમ :

# જમીન વિહોણી દિવ્યાંગ મહિલાને રહેણાંકના પ્લોટની ફાળવણી કરી

• ડાંગ-આહવા

સો ટકા દ્રષ્ટિવિહીન એકલી અટૂલી, આમતેમ અટવાતી ડાંગ જિલ્લાના ગૌહાણ ગામની એક દિવ્યાંગ મહિલાને, અન્ય એક સંવેદનશીલ સનદી મહિલા અધિકારીના માનવતાપૂર્ણ અભિગમે તેને ઠરીઠામ થવાની તક ઉપલબ્ધ કરાવી છે. વાત છે, ડાંગ જિલ્લાના અંતરિયાળ વિસ્તારના સુબીર તાલુકાના ગૌહાણ ગામે રહેતી અને સો ટકા દ્રષ્ટિવિહીન દિવ્યાંગ મહિલા મતી સુનિતાબેન રમેશભાઈ સુર્યવંશીની. કે જેઓ જમીન વિહોણા હોવા સાથે બિલકુલ નિરાધાર અવસ્થામાં વર્ષોથી ગૌહાણ ગામે વસવાટ કરી રહ્યા હતા. પોતાના માતાપિતાની છત્રછાયા ગુમાવનારી આ દિવ્યાંગ મહિલા પાસે રહેઠાણ માટેની જમીન પણ ન હતી. જેથી તેમણે ડાંગની કલેક્ટર કચેરી ખાતે જમીન માંગણીની અરજ ગુજારી હતી. સદનસીબે ડાંગ જિલ્લાના પ્રશાસનિક વડા તરીકે પણ એક સંવેદનશીલ સનદી અધિકારી સુ શાલિની દુહાન કલેક્ટર તરીકે ફરજ પર હતા. જેમની સામે આ જમીન વિહોણા દિવ્યાંગ મહિલાની અરજી આવતાં, તેઓએ ખૂબ જ માનવતાવાદી અભિગમ અપનાવી, ત્વરિત નિવાસી અધિક કલેક્ટર, પ્રાંત અધિકારી, સુબિર મામલતદાર સહિતના મહેસુલી સત્તાધિકારીઓને વિશેષ સૂચનો જારી કરી, જમીન ફાળવણી હેતુસર કાર્યવાહી કરવાં જણાવ્યુ. જિલ્લા કલેક્ટર કચેરીની જમીન શાખા દ્વારા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ જરૂરી કાગઝી કાર્યવાહી પૂર્ણ કરીને, આ દિવ્યાંગ મહિલાને આશરો મળે તે માટે રહેણાંક હેતુ માટે સરકારી પડતર જમીન ફાળવવાની આ કાર્યવાહીને ગતિ પ્રદાન કરી હતી. જિલ્લા વહિવટી તંત્રના મહેસુલી અધિકારીઓની આ ટીમ દ્વારા, સુબિર તાલુકાના જામાલા



ગામે નવા સર્વે નંબર ૪૨ કુલ ક્ષેત્રફળ હેક્ટર ૦-૯૧-૩૧ આરે.ચો.મી પૈકી ૧૫૦.૦૦ ચો.મી સરકારી પડતર જમીનની આ અબળા મહિલાને રહેણાંક હેતુ માટે ફાળવણી કરી આપી, વહીવટી તંત્રની સંવેદનશીલતાને ઉજાગર કરી હતી. મતી સુનિતાબેન સુર્યવંશીએ એક મુલાકાતમાં જણાવ્યું હતું કે, તેઓ જમીન વિહોણા હોવાથી ભટકતું જીવન વ્યતિત કરી રહ્યાં હતાં. પંરતુ કલેકટર સમક્ષ અરજ ગુજારતા, મને તાત્કાલિક ધોરણે પ્લોટની ફાળવણી કરી આપવામાં આવી છે. જે બદલ તેમણે જિલ્લા કલેક્ટર તેમજ કચેરીના તમામ મહેસુલી અધિકારી, કર્મચારીઓનો આભાર વ્યકત કર્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, હવે તેઓ નિરાંતે સ્થાયી જીવન જીવી શકશે. સંયોગવશ તા. ૩જી ડિસેમ્બરે 'દિવ્યાગ દિન' નિમિત્તે તેઓને રહેણાંક માટેના આ પ્લોટની ફાળવણી પણ કરી દેવાતા, તેમણે જિલ્લા વહિવટી તંત્ર સહિત રાજ્ય સરકાર પ્રત્યે પણ વિશેષ આભાર પ્રગટ કર્યો છે.

# દમણથી ગુજરાત આવતો દારૂનો જથ્થો ઝડપાયો

### ડ્રાઇવરની ધરપકડ કરી

• સુરત

રાજ્ય મોનીટરીંગ સેલ (SMC) ની ટીમે તાજેતરમાં સુરત ગ્રામ્ય વિસ્તારમાં મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે (NH-48) પર વોચ ગોઠવીને દારૂની હેરાફેરીના એક મોટા પ્રયાસને નિષ્ફળ બનાવ્યો છે. પલસાણા તાલુકાના બાલેશ્વર ગામ નજીકથી SMC એ ૧૫.૩૬ લાખથી વધુનો વિદેશી દારૂનો જથ્થો ભરેલો ટ્રક ઝડપી લીધો છે.

SMC ટીમે NH-48 પર વોચ ગોઠવી એક અશોક લેલેન ટ્રકને અટકાવીને તલાશી લીધી હતી. તેમાંથી ૩,૨૫૨ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી, જેની કિંમત ૮,૩૧,૩૭૨/- હતી. વાહન, મોબાઈલ અને દારૂ મળી કુલ ૧૫,૩૬,૩૭૨/- નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ દારૂનો જથ્થો દમણ, મહારાષ્ટ્ર (નાસિક/ સાંભાજીનગર) અને યુપી (રામપુર) ની ડિસ્ટિલરીઝમાં બનેલો છે.

SMC ટીમે ટ્રકના ડ્રાઈવર રામસુફળ માતાદીન વર્મા (રહે. બાંદા, યુ.પી.) ને સ્થળ પરથી દારૂની હેરાફેરીના ગુનામાં રંગેહાથ ઝડપી પાડ્યો છે. જોકે, આ કેસના મુખ્ય સૂત્રધારો, જેમાં દમણથી દારૂ મોકલનાર સપ્લાયર, તેના બે પાર્ટનર અને સુરતના કામરેજ ખાતે દારૂ રિસીવ કરનાર અજાણ્યો શખ્સ સહિત ૫ આરોપીઓ વોન્ટેડ જાહેર કરાયા છે.

પકડાયેલા આરોપી ડ્રાઈવર વિરુદ્ધ પ્રોહિબિશન એકટની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી, તેને વધુ કાર્યવાહી માટે પલસાણા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. SMC ના પી.એસ.આઈ. આર.જી. વાસવા દ્વારા ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસના ચક્રો ગતિમાન કરાયા છે.

## હાંસોટ તાલુકાના આસ્તા નજીક ટ્રક અને બાઇક વચ્ચે ગંભીર અકસ્માત



• હાંસોટ

હાંસોટ તાલુકાના આસ્તા ગામ નજીક ટ્રક અને મોટરસાઈકલ વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં બાઈક ચાલકને ગંભીર ઈજાઓ પહોંચતા તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

આ અકસ્માત આસ્તા ગામ નજીકના માર્ગ પર સર્જાયો હતો, જેમાં બાઈક અને ટ્રક વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. ટક્કરને કારણે બાઈક ચાલકને માથાના તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત બાઈક ચાલકને તાત્કાલિક સારવાર માટે નજીકની કાકા બા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે, જ્યાં તેની હાલત ગંભીર હોવાનું જાણવા મળે છે.

અકસ્માતની જાણ થતા હાંસોટ પોલીસ સ્ટેશન દ્વારા આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસે અકસ્માતનું ચોક્કસ કારણ અને ટ્રક ચાલકની ભૂમિકા અંગે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

### ગુજરાત વિધાનસભા પોડિયમ ખાતે નાયબ દંડક વિજય પટેલ સહિત સમગ્ર વિધાનસભા પરિવારે ડૉ. તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી

# આજે સ્વતંત્ર ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદની ૧૪૧મી જયંતી

• ગાંધીનગર

સ્વતંત્ર ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદની ૧૪૧મી જયંતી નિમિત્તે ગુજરાત વિધાનસભા પોડિયમ ખાતે સ્થિત તેમના તૈલચિત્રને નાયબ દંડક વિજયભાઈ પટેલ અને વિધાનસભા સચિવ ચેતન પંડ્યા સહિત વિધાનસભાના અધિકારી-કર્મચારીઓએ ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરીને તેમના જીવનના મુક્તિ સંગ્રામ સમયના સંસ્મરણો યાદ કર્યા હતા. ડૉ. રાજેન્દ્ર પ્રસાદનો જન્મ તા. ૩જી ડિસેમ્બર-૧૮૮૪ના રોજ બિહારમાં થયો હતો. તેઓ વકીલાત કરતાં કરતાં સન ૧૯૦૭થી દેશભક્તિના રંગે રંગાયા હતા અને સન ૧૯૧૭થી તેઓ ગાંધીજી સાથે આઝાદીની લડતમાં જોડાયા હતા. સન ૧૯૨૦માં અસહકાર આંદોલન શરૂ થતાં ફકીરી વહોરી તેમણે દેશનું જાહેર જીવન ઘડવામાં અને આઝાદીની લડતમાં મોટો ફાળો આપ્યો હતો. તેઓ આઝાદીની લડતમાં અંત સુધી ગાંધીજીના અતિવિશ્વાસુ સાથીદાર તરીકે કાર્યરત રહ્યા હતા. તેમણે બિહારમાં વિદ્યાપીઠ સ્થાપવામાં તથા ખાદી પ્રચારના કામમાં પણ અથાગ પરિશ્રમ કર્યો હતો. આ ઉપરાંત તેમણે



"ઈન્ડિયા ડિવાઈડેડ" જેવા અન્ય પુસ્તકોનું લેખન કર્યું છે. સાથે જ, તેમણે બંધારણસભાના પ્રમુખ તરીકે પણ સેવાઓ આપી હતી. આજના આ ગૌરવશાળી દિવસે તેમના તૈલીચિત્ર સમક્ષ પુષ્પાંજલિ અર્પણ કરવા માટે ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ-ગાંધીનગર અને આર્મી પબ્લિક સ્કૂલ-અમદાવાદના વિદ્યાર્થીઓ પણ વિધાનસભા ખાતે ઉપસ્થિત રહ્યા હતા.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI